# અસ્મદીયમ્ ૨૦૧૯

અમારી પરંપરા




દેશની બાહય સુરક્ષા કરે તે

**સૈનિક**

...

દેશની આંતરિક સુરક્ષા કરે તે

**શિક્ષક**


**Smt. J. J. Kundalia Graduate Teachers' College**

Sant Kabir Road, Bedipara, Rajkot (Gujarat) - 360003. Ph. : 0281 - 2701773

Email : jjkbed@gmail.com | Blog : jjkbed.blogspot.in | Website : jjkbed.org

## સંસ્થાના આદ્યસ્થાપક



# સ્વ. શ્રી લાભુભાઈ ત્રિવેદી

સમાજની સેવા નેમ સાથે જીવન સમર્પિત કરી વિદ્યાર્થી આગેવાનથી માંડી યુનિવર્સિટીનાં સેનેટ,
સિન્ડિકેટ અને અંતે વાઇસ ચાન્સેલર સુધીની દીર્ઘ યાત્રામા હંમેશા સેવા ભાવથીજ જીવ્યા.
શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સસ્થાઓ ઊભી કરી હમેશા King બનવાને બદલે King Maker
બની રહ્યા તેમના ભાવો તેમના જ શબ્દોમા... પ્રણામ... વંદન.

કોઈ એક વખત અંધકાર આગળ આવે, તો કોઈ વખત અજ્ઞાન આવે છે,
કોઈ વખત બંને સાથે પણ આવે છે. એથી શું?
તમારે તો એમાંથીયે માર્ગ કાઢવાનો છે. તમારે તો, પ્રકાશ અને જ્ઞાન સહોદિત દિપક,
જલંવત રાખવાના છે. પરોપકાર અને પ્રશંસાના પરિમલ પ્રસરાવવાના છે.

–શ્રી લાભુભાઈ ત્રિવેદી

તમારા શુભ સકલ્પો ચારે દિશાને સર કરશે,
અને તમારા મૂલ્યો જ, અમારુ જતન કરશે.

હાર કહો તો હાર, જીત કહો તો જીત.
નાના કહો તો નાના અને મોટા કહો તો મોટા.
ખેલદીલીથી ખેલીએ, હસતા હસતા ઝેલીએ ! દોડાય એટલુ દોડીએ.
સારા માર્ગે ચાલીએ અને સૌનુ સારુ ઈચ્છીએ.

–શ્રી લાભુભાઈ ત્રિવેદી

# અસ્મદીયમ્

## અમારી પરંપરા....

૨૦૧૯



## Smt. J. J. Kundalia Graduate Teachers' College

Sant Kabir Road, Bedipara, Rajkot - 360003.
Email : jjkbed@gmail.com / Website : jjkbed.org
Blog : jjkbed.blogspot.in

# સ્મૃતિ ગ્રંથનાં સ્મૃતિ અંશો...


| નં. | અનુક્રમણિકા | કર્તા | પાનું |
|---|---|---|---|
| ૧. | સંપાદક સ્થાનેથી | ડૉ. અલ્પેશ જી. નાકરાણી | ૧ |
| ૨. | શુભેચ્છા સંદેશ... | મહાનુભાવો | ૨-૩ |
| ૩. | આચાર્યશ્રીની કલમે... | ડૉ. અજીતા જે. જાની | ૪ |
| ૪. | મહાત્માં ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા સુવાસ... | ટ્રસ્ટ પરિવાર | ૫ |
| ૫. | ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓ | ટ્રસ્ટ પરિવાર | ૬ |
| ૬. | A Brief View of the Institution... | કોલેજ પરિવાર | ૭ |
| ૭. | સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયાઓ... | કોલેજ પરિવાર | ૮ |
| ૮. | Overview of the Current Manpower... | કોલેજ પરિવાર | ૯ |
| ૯. | ઝળહળતા તારલાઓ.. | પ્રશિક્ષાર્થીઓ | ૧૦ |
| ૧૦. | મારો મનગમતા શિ...ક્ષ...ક... | ડૉ. અલ્પેશ જી. નાકરાણી | ૧૧ |
| ૧૧. | Whatsapp વાણી | ડૉ. ચિરાગ એચ. માઢક | ૧૨ |
| ૧૨. | જ્ઞાનામૃતદાતાઃ ગુરુ | ડૉ. નિશા સી. રાણીગા | ૧૩ |
| ૧૩. | મારી જે. જે. કે. કોલેજ મારી જાન | જીજ્ઞાબેન ચાવડા | ૧૪ |
| ૧૪. | પ્રશિક્ષાર્થીઓની સર્જનાત્મક અભિવ્યકિત. | પ્રશિક્ષાર્થીઓ | ૧૫ |
| ૧૫. | પ્રવૃત્તિઓની તસ્વીરી ઝલક... | કોલેજ પરિવાર | ૨૯-૪૪ |
| ૧૬. | પ્રશિક્ષાર્થીઓની સર્જનાત્મક અભિવ્યકિત. | પ્રશિક્ષાર્થીઓ | ૪૫-૬૯ |
| ૧૭. | વર્તમાન પત્રોમાં સંસ્થાની નોંધ | કોલેજ પરિવાર | ૭૦-૭૨ |
| ૧૮. | વાંચવાલાયક પુસ્તકોની યાદી | --- | ૭૩-૭૪ |




# સંપાદક સ્થાનેથી...

**Dr. Alpesh G. Nakrani**
Assist. Prof. (English)
M.A.M.Ed.,M.Phil.,Ph.D.UGCNET.GSET



**"If you want to change the world, pick up your pen and write."**
**-Marting Luther**

અર્થાત જો આપ વિશ્વને બદલવા ઈચ્છતા હો તો કલમ ઉપાડો અને લખો. આવા જ કઈક ઉદ્દેશ્ય સાથે પ્રસ્તુત વાર્ષિક મેગેજીન 'અસ્મદીયમ્-૨૦૧૯' આપની આપની સમક્ષ મકતા ખૂબ હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. વિદ્યાર્થીઓને લખતા કરવા અને તેમના વિચારોને કાગળ પર શબ્દરૂપ આપવું એ આ કોલેજની પરંપરા રહી છે.

પ્રસ્તુત મેગેજીનમાં આપ સંસ્થાનો ઉજવળ ઈતિહાસ, સંસ્થાના ઘડવૈયાઓ, ઉજવળ પરિણામ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓની કલમે કંડારાયેલ લેખો, કાવ્યો, ગઝલ, વાર્તા અને બીજું ઘણું બધુ જે આપના વાંચન રસને સંતોષે તેવો ખજાનો મેળવશો. માત્ર શબ્દરૂપ જ નહી પણ આકારરૂપ વિદ્યાર્થિની ચિત્રકલાને પણ પ્રોત્સાહન અને પ્રકાશન મળે તે માટે તેઓએ રચેલા ચિત્રો પણ આ અંકમાં આપ જોઈ શકશો. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસીક અને સહઅભ્યાસીક પ્રવૃતિઓ કરવામાં આવી તેની તસ્વીરોની ઝલક આપ મેળવી શકશો અને જોઈ શકશો કે એક ભાવિ શિક્ષકોના ઘડતર માટે કોઈ કચાશ રાખવામા આવતી નથી.

આ સામાયિકની વિશેષતા એ છે કે તમામ પ્રકારનું ગ્રાફિક્સ ડિઝાઈન અને તમામ સામગ્રીનું ટાઈપિંગ, એડિટિંગ વગેરે તમામ સંપાદન કામગીરી વિદ્યાર્થીઓએ જાતે કરેલ છે. વિશેષ વિદ્યાર્થીઓ પાનસુરિયા પ્રદીપ અને ચુડાસમા કેયૂર દ્વારા સમગ્ર સામાયિકનું ડીઝઈનિંગ અને ગ્રાફિક્સ કામ કોલેજમાં જ કરેલ છે. તમામ વિદ્યાર્થીઓએ લેખ પોતે ટાઈપ કરીને આપેલ છે.

આ પ્રકાશન માટે પ્રેરણા આપનાર મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોષી અને હરહંમેશ ઉત્સાહ વધારતા ટ્રસ્ટી ડો. અલપનાબેન ત્રિવેદીનો ખૂબ આભાર વ્યકત કરું છું. સમગ્ર કામગીરી માટે આચાર્ય ડો. અજીતાબેન જાની, અધ્યાપકો ડો. નિશા રાણીગા, ડો. ચિરાગ માઢક સર્વે કર્મચારી અને જેમની કૃતિઓથી આ અંક છલકાય છે તેવા સર્વે પ્રશિક્ષાર્થીઓનો ખૂબ આભાર...

**મૂખ્ય સંપાદક**
ડો. અલ્પેશ નાકરાણી

**સહ સંપાદક**
ડો. ચિરાગ માઢક
ડો. નિશા રાણીગા

**માર્ગદર્શન**
ડો. અજીતા જાની

**યુવા સંપાદક ટીમ**

પાનસુરીયા પ્રદીપ અને ચુડાસમા કેયુર (ગ્રાફીકસ ડીઝાઈન)
કમાણી જનક — પરમાર પરાગ
ઓળકીયા સંજય — પટેલ પરીમલ
આચાર્ય મીરા — ડાભી સુનીલ
જાડા વિશાલ — કાલીયા અશોક
પરમાર પ્રવીણ

# શુભેચ્છા સંદેશ



**મનસુખભાઈ જોષી**

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

**સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.**

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ શ્રેષ્ઠ શિક્ષક-પ્રશિક્ષણનું કામ કરતી સુદીર્ઘ પરંપરા ધરાવતી સંસ્થા છે. સાચા અર્થમાં શિક્ષક વ્યકિતત્વ ઘડતર થાય અને સાથે વ્યાવસાયીક રીતે પ્રશિક્ષાર્થી સજ્જ બને તેવા હરહંમેશ પ્રયાસો કરવામાં અગ્રેસર છે.

દર વર્ષની જેમ પરંપરા જાળવી વર્ષ-૨૦૧૯ માં પણ વાર્ષિક મેગેઝીન 'અસ્મદીયમ્' નું પ્રકાશન કરવા જઈ રહયા છો તે જાણી ખૂબ આનંદ થયો. આ સંસ્થા તેમના ભાવિ શિક્ષકોની સર્જનાત્મક અભિવ્યકિતને પૃષ્ઠો પર અંકિત કરવા જઈ રહી છે ત્યારે આ વાર્ષિક મેગેઝીન 'અસ્મદીયમ્' નું પ્રકાશન માટે ખૂબ શુભકામનાઓ. આ પ્રકાશન ભાવિ શિક્ષકો માટે તેમના અંતરમાં રહેલ વિચારો, સર્જનશીલતા અને કલાને પણ અંધકારમાંથી પ્રકાશિત જરૂરથી કરશે.

સંસ્થાના નવનિયુકત આચાર્ય ડો. અજીતાબેન જાની, અધ્યાપકો ડો. નિશા રાણીગા, ડો. ચિરાગ માઢક, ડો. અલ્પેશ નાકરાણી તેમજ સર્વે કર્મચારીને ખૂબ ખંત અને નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ ખૂબ અભિનંદન. પાઠવુ છું.

**શુભકામનાઓ સહ**

**મનસુખભાઈ જોષી**

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

# શુભેચ્છા સંદેશ



ડો. અલ્પનાબેન એલ. ત્રિવેદી

ટ્રસ્ટીશ્રી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

**સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.**

શિક્ષક સમાજના ભાવિ ઘડતર અને વિકાસનો પાયો છે. આ પાયો જેટલો મજબુત એટલી ઈમારત મજબુત બનશે. શિક્ષક વ્યવસાયિક પ્રશિક્ષણની સુંદર કામગીરી કરતી સૌરાષ્ટ્રની ગૌરવપૂર્ણ પરંપરા ધરાવતી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજને આ વાર્ષિક મેગેઝીન 'અસ્મદીયમ્' નું પ્રકાશન શુભ પ્રસંગે આનંદ વ્યકત કરુ છું.

ભાવી શિક્ષકો પોતાનો સર્વાંગી વિકાસ કરે અને પોતાની અંદર પડેલી શકિતઓને બહાર લાવે તે માટે આપ નિયમિત રીતે આ સામયિકનું પ્રકાશન કરો છો. વર્ષ-૨૦૧૯ માં પણ આ કામગીરી સુપરે પાર પડે તે માટે ખુબ શુભકામનાઓ. આપ સૌની મહેનતને બિરદાવું છું. આ સામયિક ભવિષ્યમાં એક શ્રેષ્ઠ કવિ, લેખક, ચિત્રકાર અને એક કલાકાર બને તેવો અનુભવ અને એક ભૂમિકા આપ દ્વારા પુરી પાડવામાં આવશે એવો વિશ્વાસ છે.

સંસ્થાના નવનિયુકત આચાર્ય ડો. અજીતાબેન જાની, અધ્યાપકો ડો. નિશા રાણીગા, ડો. ચિરાગ માઢક, ડો. અલ્પેશ નાકરાણી તેમજ સર્વે કર્મચારીને આ કામગીરી બદલ ખૂબ અભિનંદન પાઠવુ છું.

શુભકામનાઓ સહ

ડો. અલ્પનાબેન એલ. ત્રિવેદી

ટ્રસ્ટીશ્રી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ



PRINCIPAL
Dr. Ajita Jani
M.A.(SANSKRIT),
M.Ed. ,Ph.D. M.Phil

# આચાર્યશ્રીની કલમે...

પત્થર ઉપરથી પાણી સરી જતુ હશે ત્યારે... મિત્રો, પત્થરને પણ કશુંક થતુ હશે
અહિં અણઘડ પત્થર મુકી જાઓ... અને કલાત્મક પ્રસંશનીય મૂર્તિ લઈ જાઓ.

ભવ્યાતી ભવ્ય વારસો ધરાવનાર જે.જે.કે.બી.એડ્ કોલેજમાં પુર્ણતાને આરે પંહોચેલા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નું સુકાન સંભાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ત્યારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું
'સમયનુ ચક્ર ફરતુ જાય છે વણ થંભ્યુ, પળ, સેકન્ડ,મિનિટ,કલાક,દિવસો કે વર્ષો.....
કંઈ નથી એ બીજું કશુંછે માત્ર સરવાળો-જીવનના કર્મો,અનુભવો અને નિષ્કર્ષો '

આમ તો,શિક્ષણ અને શૈક્ષણિક વાતાવરણ મને વારસામાં મળ્યું છે.પિતાજી દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં આચાર્ય, માતા પ્રાથમિક શાળામાં શિક્ષિકા, ભાઈ બી.એડ્. અને પી.ટી.સી. કોલેજમાં લેકચરર...

આમ છેલ્લા ૨૨ વર્ષથી અલિયાબાડા બી.એડ્. કોલેજમાં શિક્ષકોના ઘડતરની વણથંભી સફર ખેડતા ખેડતા કહી શકુ કે શિક્ષણ સાથેનો મારો નાતો બાળપણથી અત્યાર સુધીનો ખૂબ જ ઘનિષ્ઠ રહયો છે.

બે દાયકાથી વધુ સમય અલિયાબાડામાં પસાર કરી જયારે જે. જે. કુંડલિયા બી.એડ્. પરીવારના સદસ્ય અને સુકાની બનવાનો પ્રથમ અનુભવ જ રોમાંચકારી, ઉષ્માભર્યો અને સુખદ આશ્ચર્યમય બની રહયો.

કોલેજમાં જોડાતા પૂર્વની સંસ્થાના મેને. ટ્રસ્ટી, શ્રી મનસુખભાઈ સાથેની મુલકાત એક પિતા તરફથી મમતાસભર સધીયારા જેવી લાગણીસભર રહી. મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તા. ૨૩-૦૩-૨૦૧૯ કોલેજનાં પ્રથમ દિવસે આવકારવા તથા સંસ્થાનું સંચાલન સોપવા રૂબરૂ ઉપસ્થિત રહયા ત્યારે એક સખા અને બહેન અને સફળ નેતૃત્વની અમીટ છાપ મારા પર છોડી ગયા અને આચાર્યપદ સવીકારવા મારો વિશ્વાસ કે હું ચોકકસ સારુ કાર્ય કરી શકીશ તેને દ્દઢ વિશ્વાસમાં પરિણમતા ગયા.

સંસ્થાના સૌ યુવા પ્રાધ્યાપકો ડો. નિશા રાણીગા, (૨.૫ વર્ષ ઈ. આચાર્ય રહી ચુકેલા) ડો. ચિરાગ માઢક તથા વર્તમાન ઈ. આચાર્ય ડો. અલ્પેશ નાકરાણી તથા સમગ્ર નોન ટીચીંગ સ્ટાફ મિત્રોએ જે રીતે મારા આચાર્યપદ ગ્રહણ માટેના કાર્યક્રમનું આયોજન કર્યુ તેમાં તે સૌની ટીમ સ્પીરીટનું પ્રતિબિંબ સ્પષ્ટ રીતે ઉપસી આવ્યું અને સૌ વિદ્યાર્થીએ કાર્યક્રમમાં સહભાગીતા જે રીતે દાખવી તે જોતા અહી જે પણ નવા વિચારો વાવીશ તો ખુબ સારી ફળશ્રુતિ પ્રાપ્ત થશે જ, જોમ જુસ્સાભેર ઉત્સાહનો પડઘો પડશે જ તેવી સંતોષ અને હરખની લાગણી પહેલા જ દિવસે થઈ ટૂંકમાં કહું તો કઈક છોડવાની કે વિદાયની વસમી વેળા...ઉત્સાહ અને ઉષ્માસભર આવકાર દ્વારા મંજીલ પ્રાપ્તિની સુખદ ક્ષણમાં ફેરવાઈ ગઈ.

જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના આચાર્ય ડો. પ્રીતીબેન ગણાત્રા તથા મારી સાથે જ એ જ દિવસે નિયુકિત સ્વીકારનાર એમ. જે. કુંડલિયા આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજના ડો. સ્મીતાબેન ઝાલા, સરદાર પટેલ પ્રા. શાળાના આચાર્યશ્રી અબ્બાસભાઈ લાખાની ઉપસ્થિતિથી સાથે જ એક સંયુકત કુટુંબ પરીવારનો હિસ્સો બન્યાના ગૌરવની પ્રતિતિ થઈ.

મારા પિતા જગદીશભાઈ તથા પિતાતુલ્ય ગુરુવર્યશ્રી ડો. જનકભાઈ મકવાણા કે જેઓના આચાર્યપણા હેઠળ કે ડીનશ્રી ડો. શિક્ષણ વિદ્યાશાખાના કાર્ય અનુભવમાંથી ખૂબ પ્રેરણા અને પ્રોત્સાહન મેળવ્યું છે. શિક્ષણની સફરમાં લેકચરરથી આચાર્ય સુધીના મૂકામ તરફની ગતિના પ્રરણાસ્ત્રોત ડો. નિદતભાઈ બારોટ જે friend, philosopher and guide ની ભૂમિકાથી મને સતત બળ અને માર્ગદર્શન મળતુ રહે છે.

જે.જે.કે.બી.એડ્. કોલેજનાં ગૌરવશાળી વારસાને વધુ ઉચાઈ સુધી લઈ જઈ શ્રેષ્ઠ અને સર્વોત્તમ બનાવવા માટે જરૂરી બધુ જ કરી છુટવા હું કટીબદ્ધ છું. ત્યારે મને પુરી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આ સંસ્થા સાથે સંકળાયેલા સર્વો શુભચિંતકો, મારા પરીવાર તથા શિક્ષણસંગી એવા સૌ મિત્રો, સ્ટાફ પરીવાર તથા વ્હાલા વિદ્યાર્થીઓનો સાથ સહકાર હર હંમેશા મળતો જ રહેશે.

## મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા- સુવાસ

રાજકોટ શહેર અને સમગ્ર સોરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૫૦ વર્ષથી અવિરતપણે શિક્ષણ વિકાસ માટે ભગીરથ પુરૂષાર્થ દ્વારા ગૌરવભરી પ્રતિષ્ઠા મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટે હાંસલ કરી છે. ખાસ કરીને ટ્રસ્ટના આદ્યસ્થાપક ગુરૂ સ્વ.શ્રી લાભુભાઈ ત્રિવેદી દ્વારા સ્થપાયેલ અને વિકસાવેલ સંસ્થાઓએ અવિરત પ્રગતિ સાધી છે.

ટ્રસ્ટીની કુલ ૨૪ વિવિધ શૈક્ષણિક વિદ્યાશાખા સંબંધિત સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત સેવાયજ્ઞ તો ખરૂં જ. જેમાં રકતદાન શિબિરો, આરોગ્ય શિબિર, રાહતકાર્યો, અપંગ તથા રકતપિતમૂકત દર્દીઓને પુનઃવસન સાધનસહાય, અનાથ આશ્રમો, વૃધ્ધાશ્રમોને સહાય, વનસ્પતિપ્રદર્શનો વગેરેનો પ્રવાહ સતત નિઃસ્વાર્થભાવે વહેતો જ રાખે છે. ટ્રસ્ટના ભૂતપૂર્વ ચેરમેન સ્વ.શ્રી જયંતિભાઈ કુંડલિયા, ટ્રસ્ટીશ્રી સ્વ.અશ્વિનભાઈ મહેતા, ટ્રસ્ટીશ્રી સ્વ. ડો. ઉર્મિલાબેન પટેલના સિંચનથી ટ્રસ્ટની સેવા-સૂવાસ વધુને વધુ પ્રસરી છે.

પ્રવર્તમાન મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનસુખભાઈનું સરળ, સહજ, હકારાત્મક વલણ હંમેશા જોમ પુરૂ પાડે છે. ટ્રસ્ટીશ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીનું સદાયે સ્મિત વેરતું મુખ, કાર્ય કરવાની તમન્ના, નિષ્ઠા વધારે રાખે છે. સંસ્થાની પ્રગતિલક્ષી દરેક પ્રવૃતિઓમાં તેમનો મજબુત આધાર અમોને સદાયે સમાજને વિશિષ્ઠ યોગદાન માટે પ્રવૃત રાખે છે.

## ટ્રસ્ટી મંડળ



શ્રી મનસુખભાઈ જોષી
મેનેજીંગ ટ્રસ્ટી



શ્રી ઉષાકાંતભાઈ માંકડ
ટ્રસ્ટીશ્રી



ડો. અલ્પનાબેન ત્રિવેદી
ટ્રસ્ટીશ્રી

## મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓ

| ક્રમ | સંસ્થા | સ્થાપના વર્ષ |
|---|---|---|
| 1 | કસ્તુરબા પ્રાથમિક વિદ્યાલય | 1965 |
| 2 | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય | 1966 |
| 3 | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય બોયઝ હાઈસ્કુલ | 1966 |
| 4 | શ્રીમતી જે.જે.કુંડલિયા કોમર્સ કોલેજ | 1969 |
| 5 | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય | 1970 |
| 6 | સરદાર પટેલ પ્રાથમિક (હાઈસ્કુલ) | 1970 |
| 7 | સરદાર પટેલ પ્રાથમિક વિદ્યાલય | 1970 |
| 8 | શ્રીમતી જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ(અંગ્રેજી માધ્યમ) | 1973 |
| 9 | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) | 1974 |
| 10 | કસ્તુરબા હાઈસ્કુલ | 1975 |
| 11 | સદગુરૂ બાલમંદિર | 1976 |
| 12 | સદગુરૂ પ્રાથમિક વિદ્યાલય | 1977 |
| 13 | શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ (બી. એડ્. કોલેજ) | 1977 |
| 14 | માતૃશ્રી આનંદમયી કન્યા વિદ્યાલય | 1982 |
| 15 | શ્રી રાધાબાઈ અકબરી પ્રાથમિક વિદ્યાલય | 1984 |
| 16 | માતૃમંદિર હાઈસ્કુલ (અંગ્રેજી માધ્યમ) | 1985 |
| 17 | રમેશભાઈ છાયા બોયઝ હાઈસ્કુલ | 1986 |
| 18 | શ્રી રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય | 1986 |
| 19 | શ્રી મીનાબેન કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | 1990 |
| 20 | જગદગુરૂ પ્રાથમિક વિદ્યાલય | 1994 |
| 21 | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.બી.એ. કોલેજ | 1996 |
| 22 | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.સી.એ. કોલેજ | 2000 |
| 23 | જગદગુરૂ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય | 2000 |
| 24 | શ્રી લાભુભાઈ ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી | 2009 |

A Teacher Takes A Hand,
Opens A Mind
and
Touches A Heart

# A Brief View of the Institution



Smt. J. J. Kundalia Graduate Teachers' College is a premier Teacher Education College, established in 1977 affiliated to Saurashtra University and is one of the seven Grant-in-aid B.Ed. Colleges of Saurashtra region. This institute has been approved by NCTE., UGC and Gujarat State Government. The college has undergone NAAC accreditation and accredited Grade "B" with CGPA 2.02 and "AAA" assessment procedure by Gujarat Government and is given "A' grade.

The founder trustee of the college, Late Shri Labhubhai Trivedi, former Pro VC of Saurashtra University, a purely academic and committed person to education. This College offers Training Course leading to the Degree of Bachelor of Education. The institute is co-educational. The college enjoys the unique advantage of a peaceful academic environment. The college possesses an efficient infrastructure which includes spacious and well lit classrooms, Science laboratories and Digital Language Learning lab, library, recreation room, and a spacious play-ground. The most endearing is the hostel for girls conveniently located in the college campus.

**Vision and Mission:**

The core motto of the institute is **તમસો મા જ્યોતિર્ગમય** Our vision is to provide good Teachers to Society. Only good teachers give good education only good education enrich Society and Indian Values of Life.

Our mission is to abolish darkness and lead light to society, to nurture the inner potentiality, talents and cultivate strong personality, to promote, establish and protect the subtle spiritual values of life.

**Curricular aspects**

Ours is a Bachelor of Education programme. We prepare teachers professionally strong with value based education. We offer different methods of teaching i.e. Gujarati, Sanskrit, English, Mathematics, Science, History, Geography and Accountancy methods.

**Teaching-learning process**

We aim to develop overall personality of teacher, so we give all types of experiences to them. It means skills of teaching, prayer, to handle all the programmes, management of all the things. We also give them teaching of techniques, technology, healthy competition, learning environment, friendly relations, co-operation and punctuality.

**Research consultancy and extension**

Research culture prevails on the campus. Our all the staff members (Five) are Ph.D. degree holders. All the faculty members are actively participating in conferences, seminars and workshop. All the members are U.G. and P.G. recognized teachers.

**Healthy Practices**

Our everyday assembly prayer contains good educational thought, good special reading, Omkar Mantra, Book Review, singing of Vande Mataram, Institute observes all cultural festival, National festivals and develop cultural, Spiritual, National spirit and values. College observes the birthday of all students and gives them a book that inspires them.

> "શિક્ષક આદર્શ બની છલકાયા કરે
> વિદ્યાર્થી પડછાયા થઈ મલકાયા કરે."

# સંસ્થાના ભૂતપૂર્વ ઘડવૈયા



ડૉ. બી.યુ. પારેખ
(ગણિત) આચાર્ય



સ્વ. શ્રી શામજીભાઈ એમ. ઝાલા
(ઈતિહાસ) ઈનચાર્જ આચાર્ય



શ્રી તારાબેન શાહ
(ગણિત) આચાર્ય



ડૉ. સુહાસીનીબેન શાહ
(કોમર્સ) ઈનચાર્જ આચાર્ય



ડૉ. જગન્નાથભાઈ ડી. વ્યાસ
(હિન્દી) આચાર્ય



ડૉ. કુરજીભાઈ એમ. દોંગા
(ગણિત) ઈનચાર્જ આચાર્ય



ડૉ. શર્મિષ્ઠાબેન વ્યાસ
(ભૂગોળ) આચાર્ય



ડૉ. પ્રિયકાંતભાઈ એમ. સ્વામિ
(ગુજરાતી) પ્રાધ્યાપક



ડૉ. કેશુભાઈ વી. રાઠોડ
(વિજ્ઞાન) પ્રાધ્યાપક



ડૉ. દિવ્યાબેન બી. રાવલ
(સંસ્કૃત) આચાર્ય



ડૉ. પારૂલબેન સી. દવે
(કોમર્સ) ઈનચાર્જ આચાર્ય

# Overview of the Current Manpower



**PRINCIPAL**
**Dr. Ajita Jani**
M.A.(SANSKRIT),
M.Ed.
Ph.D. M.Phil

## Teaching



**Dr. Nisha C. Raninga**
Assist. Prof. (Science)
M.Sc.,M.Ed.,Ph.D.,GSLET



**Dr. Alpesh G. Nakrani**
Assist. Prof. (English)
M.A.M.Ed.,M.Phil.,Ph.D.UGCNET.GSET



**Dr. Chirag H. Madhak**
Assist. Prof. (Mathematic)
M.Sc., M.Ed., M.Phil., Ph.D.

## Non-Teaching



**Mr. Vajubhai Muliyana**
Accountant



**Mrs. Rekhaben L. Sagpariya**
(Lab. Assist.)

## Class-4



**Geetaben Y. Raval**



**Lalitaben G. Muliyana**



**Devjinbhai M. Parmar**

# સંસ્થાનું અદ્વિતીય અતીત

## STAR STUDENTS OF THE COLLEGE

| Sr. No. | Year | Name | Percentage (%) | Rank in Uni. | Rank in College |
|---|---|---|---|---|---|
| 1 | 1982-83 | Dhadhal Parakashba | 82 | 1st | 1st |
| 2 | 1985-86 | Moliya Mansukh | 79.60 | 1st | 1st |
| 3 | 1989-90 | Pundir Alka M. | 87.20 | 1st | 1st |
| 4 | 1990-91 | Kundaliya Mala C. | 88.20 | 1st | 1st |
| 5 | 1991-92 | Bhutak Haresh P. | 88.70 | 1st | 1st |
| 6 | 1992-93 | Shah Smita N. | 90.20 | 1st | 1st |
| 7 | 1993-94 | Phethani Manisha B. | 90.30 | 4th | 1st |
| 8 | 1994-95 | Joshi Nirali A. | 89.80 | 1st | 1st |
| 9 | 1995-96 | Kathiriya Jitendra K. | 84.33 | 2nd | 1st |
| 10 | 1996-97 | Joshi Jasmine | 89.80 | 1st | 1st |
| 11 | 1997-98 | Hapaliya Varsha C. | 89.17 | 1st | 1st |
| 12 | 1998-99 | Mehta Sanjay N. | 95 | 1st | 1st |
| 13 | 1999-2000 | Rankja Komal D. | 92.5 | 1st | 1st |
| 14 | 2000-2001 | Pambhar Ramesh M. | 94 | 1st | 1st |
| 15 | 2001-2002 | Pandit Archana V. | 94.43 | 1st | 1st |
| 16 | 2002-2003 | Chande Usha N. | 96.09 | 1st | 1st |
| 17 | 2003-2004 | Pandya Bhavika G. | 95.73 | 1st | 1st |
| 18 | 2004-2005 | Jetpariya Rajesh M. | 95.05 | 2nd | 1st |
| 19 | 2005-2006 | Benaraji Supriya | 96.90 | 1st | 1st |
| 20 | 2006-2007 | Jotawa Amu R. | 91.70 | 4th | 1st |
| 21 | 2007-2008 | Mulani Gita M. | 93.43 | 1st | 1st |
| 22 | 2008-2009 | Sherasiya Samir I. | 93.71 | | 1st |
| 23 | 2009-2010 | Kaneriya Snehal J. | 90.76 | | 1st |
| 24 | 2010-2011 | Chavda Piyush M. | 93.66 | | 1st |
| 25 | 2011-2012 | Patel Puja P. | 94.17 | | 1st |
| 26 | 2012-2013 | Parmar Aradhana M. | 93.43 | | 1st |
| 27 | 2013-2014 | Dhoraliya Nayan | 93.53 | | 1st |
| 28 | 2014-2015 | Trivedi Anjali K. | 95.37 | | 1st |
| 29 | 2015-2017 | Mehta Kinjal | 94.72 | | 1st |
| 30 | 2016-2018 | Patoliya Jenisha D. | 96.68 | 1st | 1st |
| 31 | 2017-2019 | Result Awaited... | | | |

# Computer Assisted Instruction (CAI)



**PRINCIPAL**
M.A.(SANSKRIT),
M.Ed.
Ph.D. M.Phil

## INTRODUCTION

PC ASSISTED INSTRUCTION (CAI) is a program of instructional material introduced by methods for a PC or PC framework. As per Burke (1982), Computer Assisted or Managed Instruction is "The orderly control of guideline by PC. It is portrayed by testing, indicativelearning, solution and record keeping." Leib (1982) has given a more broad definition. As indicated by him "CMI incorporates all uses of the PC help to the teacher in instructional administration without really doing the educating." CAI does not mean preparing students to work PCs, rather that understudies will take the assistance of PCs in their learning. In this manner the principal state of utilizing CAI is that the understudy must be PC educated. In light of this restriction, CAI has a tendency to be effectively used to those nations just where PC proficiency is attractive. In a theoretical nature. Furthermore, numerous battle with the learning of science and flop in exams and tests. One such technique is auto instructional strategy. It is a strategy for individualized guideline. One of its structures is CAI (Computer helped/Aided Instruction) auto instructional educating.

## SORTS OF COMPUTER ASSISTED INSTRUCTION:

Drill and Practice, Tutorials, Games, Simulation, Discovery, Problem Solving:

Favorable circumstances of CAI:

One to One collaboration

Great help

Freedom to try different things with various alternatives

Instantaneous reaction/prompt criticism to the appropriate responses chose.

Self pacing- enable understudies to continue at their own particular pace.

Helps instructor can commit more opportunity to singular understudies.

Privacy helps the timid and ease back student to learns

Individual consideration

Learn more quickly

Multimedia comprehends troublesome ideas through multi tangible approach.

Self coordinated learning-Students can choose when , where, and what to learn.

## CAI THEORY:

CAI is an acronym for Computer helped directions; it is alluded to as intuitive utilization of PCs. It is a self learning strategy, normally disconnected/web based, including association of the understudy with modified instructional materials. PC helped direction (CAI) is an intelligent instructional strategy whereby a PC is utilized to introduce the instructional material and screen the discovering that happens.CAI utilizes a blend of content, illustrations, sound and video in improving the inclining procedure. The PC has numerous reasons in the classroom, and it can be used to help an understudy in every aspect of the curriculum.CAI alludes to the utilization of the PC as an apparatus to encourage and enhance direction. CAI programs utilize instructional exercises, bore and practice, reproduction, and critical thinking ways to deal with show subjects, and they test the understudies understanding.

Reason for CAIICT

(Information and Communication Technology) has awesome potential for educating and learning process at all levels. The utilization of ICT has improved the showing learning process with the assistance of PC.



# મારા મનગમતા શિ....ક્ષ....ક......

**Dr. Alpesh G. Nakrani**
Assist. Prof. (English)
M.A.M.Ed.,M.Phil.,Ph.D.UGCNET.GSET

કોઈ પણ વ્યકિત જીવન ઘડતર,વિકાસ,વિચાર પર શિક્ષકોનો ખૂબ પ્રભાવ હોય છે.આ શિક્ષકો ઔપચારિક કે અનૌપચારિક હોઈ શકે છે.સૌના જીવન પર અનેક શિક્ષકો સાથે મેળાપ થયો હોય અને સૌને મન તેમના મનગમતા શિક્ષકની પોતિકી મનગમતી અપેક્ષાઓ હોય અને જે શિક્ષક તે પૂર્ણ કરે તે તેને મનગમતો શિક્ષક બને છે જે તેને જીવનપર્યંત ભૂલતો નથી.

'કાષ્ઠને ચંદન કરે, ઉરને નંદન કરે, તેવા શિક્ષકને કોણ ન વંદન કરે ?

વાત કરવી છે આપણે મનગમતો શિક્ષક કઈ રીતે નક્કી કરીએ છીએ? આપના હૃદયમાં શિક્ષક હંમેશને માટે કમ વસી જાય છે? આપણે તેનામાં શું અપેક્ષા રાખીએ છીએ? શિક્ષક શબ્દને જ આગળ કરીને આ બાબતનું વિશ્લેષણ કરવું છે પણ જરા જુદી રીતે! શિક્ષક શબ્દમાં ત્રણ અક્ષરો છે;શિ...ક્ષ....ક...... દરેક શબ્દને ત્રણ શબ્દાર્થ આપીએ તો 'શિ' અક્ષર માટે શિક્ષણ,શિસ્ત અને શિખામણ ,'ક્ષ' અક્ષર માટે ક્ષમા,ક્ષમ અને ક્ષય જ્યારે 'ક' અક્ષર માટે કથક,કર્મિષ્ઠ અને કસબી.

- **'શિ' અક્ષર માટે શિક્ષણ,શિસ્ત અને શિખામણ**

શિક્ષકનું મુખ્ય કાર્ય શિક્ષણ આપવાનું છે.શિક્ષણ શબ્દ ખૂબ વિશાળ છે.આમ છતાં અહી મુખ્ય અર્થ જ્ઞાન પીરસવાનો છે.શિક્ષક જ્ઞાની હોય તો શિક્ષણ આપી શકશે.મને આવડતું હોય તે જ હું અન્યને શીખવી શકું.શિક્ષક શિસ્તમય હોય અને વિદ્યાર્થીઓને પણ શિસ્તમય જીવનનાં પાઠ શીખવે અને તે માટે પોતે આદર્શ બને.જે જ્ઞાન આચરણમાં ઊતર્યું નથી તે ભારરૂપ છે.વિદ્યાર્થીને સાચો માર્ગ બતાવવાનું કામ પણ શિક્ષકે કરવાનું છે.શિક્ષકે વિદ્યાર્થીને સાચી શિખામણ આપવાની છે.

- **'ક્ષ' અક્ષર માટે ક્ષમા,ક્ષમ અને ક્ષય**

શિક્ષક ક્ષમાશીલ હોય.સ્વભાવે પ્રેમાળ હોય.જીવંત સાથે કામ કરવામાં જડતા શું કામની? વિદ્યાર્થીની ભૂલો સુધારે અને સાચા માર્ગે લઈ જાય.વિદ્યાર્થીને તેમની ઉંમર પ્રમાણે અપરિપકવતાને લીધે થયેલ ભૂલોને શિક્ષકે ભૂલી જતાં પણ આવડવું જોઈએ.

વેર લીધાનો આનંદ કદાચ એક દિવસ ટકશે,પણ ક્ષમા કર્યા નું ગૌરવ સદાકાળ ટકે છે. – તિરુવલ્લુવર

ગઈ કાલ ભૂલે તેને આજ ખૂબ ચોખ્ખી દેખાય નહિ તે આજ અને આવતીકાલ ધૂંધળી દેખાય. શિક્ષક ક્ષમ એટલે ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.કઇ ક્ષમતાઓ તો વિષય આરંભ ઉદાહરણ,પ્રશ્ન કૌશલ્ય,સુદ્રઢીકરણ,લેખન વગેરે.શિક્ષકે ક્ષય કરવો જોઈએ તો શેનનો ક્ષય એટલે કે નાશ પોતાના દુર્ગુણોનો,પૂર્વગ્રહોનો,મર્યાદાઓનો,નબળાઈઓનો,અજ્ઞાનતાનો....વગેરે.

- **'ક' અક્ષર માટે કથક,કર્મિષ્ઠ અને કસબી.**

શિક્ષક સારો હોય એટલે કે સારો પ્રભાવી વકતા હોવો જોઈએ. શબ્દ જ્ઞાન વહાવવાનો ખૂબ મહત્વનો માર્ગ છે.શિક્ષકની વાણીપટુતા ખૂબ અસરકારક હોય જેથી વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત રહે, યોગ્ય બાબતો પર ભાર મૂકવો,આરોહ-અવરોહ સાથે ભાવવાહીશૈલીમાં બોલવું સાથે કથનને વિવિધ ઉદાહરણો,સંદર્ભોથી રસતરબોળ કરતાં આવડતું જોઈએ.શિક્ષક કર્મિષ્ઠ હોય.કોઈ પણ કાર્યમાં આળસ ન કરે.મહેનતુ અને ખંતીલો સ્વભાવ હોવો જોઈએ.મહેનત એ ક્ષમતા છે જે મેળવવામાં બુદ્ધિ કદાચ ઓછી હોય તો ચાલી જાય પણ દ્રઢ નિર્ધાર તો જોઈએ જ. શિક્ષક કસબી હોય એટલે કે એક કલાકારની પેઠે શિક્ષણ એક કળા તરીકે હસ્તગત કરેલ હોય અને પોતાની કલાને નિખારવા સતત પ્રયત્નશીલ હોય. આધુનિક સમયમાં તેને માટે Professional Development શબ્દ વાપરવામાં આવે છે.

આમ જે શિક્ષક ઉપરોક્ત ગુણો ધરાવતો હોય તે સૌનો મનગમતો શિક્ષક બની શકે



**Dr. Nisha C. Raninga**
Assist. Prof. (Science)
M.Sc.,M.Ed.,Ph.D.,GSLET

# જ્ઞાનામૃતદાતા - ગુરુ

सतगुरु की महिमा अनंत, अनंत किया उपकार ।
लोचन अनंत उघाड़िया, अनंत दिखावणहार ।।

ભારતીય સંસ્કૃતિમાં ગુરુત્વનું મહત્વ સર્વોચ્ચ સ્થાન પર છે.માતાપિતા શરીરને જન્મ આપે છે,જ્યારે ગુરુ આત્માને જન્મ આપે છે.ગુરુ એટલે જે લઘુ નથી તે અને લઘુને ગુરુ બનાવે તે.જીવનના લપસણા પ્રવાહો વચ્ચે આપણને સ્થિર વહેતા શીખવે તે ગુરુ.તેથી જ આપણે ગુરુપૂર્ણિમાનો પાવન ઉત્સવ ઉજવીએ છીએ.અષાઢની પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા કહેવાય છે.તેની પાછળ પણ ગૂઢ અર્થ છે.ગુરુ છે એ પૂર્ણિમાના ચંદ્ર જેવો છે.જે પૂર્ણ પ્રકાશમય છે અને શિષ્ય અષાઢના વાદળો જેવા છે.જેમ અષાઢમાં ચંદ્ર વાદળોથી ઘેરાયેલો હોય છે.જેમા શિષ્યના વાદળરૂપી શિષ્યથી ગુરુ ઘેરાયેલો છે.જેમા શિષ્યના અંધકારને દૂર કરી શકે અને વાતાવરણમાં પ્રકાશ જગાવી શકે એવા ગુરુ હોય છે.

કુશળ શિલ્પી જેમ પાષાણને કંડારીને પ્રતિમામાં ફેરવે છે તેમ ગુરુ જ્ઞાનહીનને જ્ઞાની બનાવે છે.ગુરુ જીવનના લક્ષ્યની યાદ અપાવે છે.અને શરણાગત જીવનને સાધન બનાવે છે.મનુષ્યને જીવનમાં કોઈપણ કાર્ય સિધ્ધ કરવું હોય તો ગુરુની આવશ્યકતા રહે છે.ભગવાન પણ અવતાર લઈ પૃથ્વી પર આવે છે ત્યારે ગુરુની જરૂર પડે છે તેમ પશુતુલ્ય માનવને દેવત્ય તરફ મોકલવા ગુરુની આવશ્યકતા રહે છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણએ પણ કહ્યું છે કે ગુરુને મારું જ સ્વરૂપ જાણવું.ભગવાને મનુષ્યો માટે ગુરુને સ્થાન એટલા માટે આપેલ છે કે ભગવાન દરેકના હ્રદયમાં હોવા છતાં તેમ પ્રત્યક્ષ દર્શન થતા નથી પરંતુ ગુરુદેવને પ્રત્યક્ષરૂપે જુએ છે.પ્રભુ આવા ગુરુત્વને સામર્થ્ય આપે છે.ગુરુ એ સાક્ષાત પર બ્રહ્મ છે.

सब धरती कागज करू ,लिखनी सब बनराय ।
सात समुद्रकी मसि करू , गुरु गुण लिखा न जाय ।।



# whatsapp વાણી (સંકલન)



**Dr. Chirag H. Madhak**
Assist. Prof. (Mathematic)
M.Sc., M.Ed., M.Phil., Ph.D.

કાં ઈશ્વરને છોડી દો
કાં ઈશ્વર ઉપર છોડી દો.

---

ખુશી મેળવવા માટે ઘણું બધું ભેગું કરવું પડે છે.
એવી આપણી સમજ છે.
પણ, હકીકતમાં ખુશી મેળવવા ઘણું બધું જતું કરવું પડે છે.

---

અરિસાનું જીવન પણ લાજવાબ છે.
સ્વાગત બધાનું છે.
પણ,
સંગ્રહ કોઈનો નહી.

---

'સપના' તોડજો!!!
પણ 'સંપ' ના તોડતા

---

'સંગ' છોડજો
પણ
'રંગ' ન છોડજો...

---

પ્રામાણિક વ્યકિતનું મૂલ્ય હોય છે...
ભ્રષ્ટ વ્યકિતની કિંમત હોય છે. !!!

---

જીંદગી મીઠા જેવી હોય છે...
એકલા હોવ તો ખારી લાગે,
કોઈમાં ભળી જાવ તો પ્યારી લાગે.

---

'ફોન'માં અને 'મન'માં
બિનજરૂરી ડેટા સેવ ન કરો...
સ્પીડ ઘટશે જ...

---

શાંતિની ઈચ્છા હોય
તો પહેલા ઈચ્છાને શાંત કરી દો...

---

'મદદ'નું એક વખત પાટીયું લગાવ્યું હતુ.. અને
'શિખામણો' નું અઢળક દાન આવવા લાગ્યું.

---

સુખ સવાર જેવું છે
માગો તો ન મળે
જાગો તો મળે...

---

કોઈ જીવને ભલે ચણ ન નાંખો
પણ
કોઈના જીવનમાં અડચણ ન નાંખો...



જીજ્ઞાબેન ચાવડા
વિઝીટીંગ ફેકલ્ટી (કોમર્સ)
B.Com., M.Com., B.Ed.

# મારી જે.જે.કે. કોલેજ મારી જાન...

માઢકસર અમારા જે.જે.કે ના તાત,
જગથી જૂદી ભણાવે માનવતાની ભાત,
ગુસ્સામાં કરે તેઓ ઘણી વાર કડવી વાત,
તોય લાડ લડાવે જાણે મોરી ભોળી માત.

સાહેબ બોલે 'ચલ કમ્પ્યુટર હોજા જલ્દી શુરૂ'
પછી તો ત્યારે જ જંપે જયારે કામ થઈ જાય પુરૂં
સપનામાં પણ કયારેક ન વિચારે કોઈનું એ બુરું
એ જ અમારા અલ્પેશસર નવી ટેકનોલોજીના ગુરુ.

નિશામેમ હંમેશા બોલે મીઠું મીઠું
આવું મીઠું માણસ કયારેક મે ન દીઠું
અમને છે હૃદયથી એમના માટે માન.

આ કોલેજનું શરીર છે એનું આ ભવ્ય રૂડું મકાન
જેને સાચવે છે રેખાબેન,ગીતામાસી ને લલીતામાસી.

– ચાવડા જીજ્ઞા

અર્થ

આવતા પાત્રનો વિચાર કરો છો તો કોઈ વ્યકિત જે શાંતિ અને ન્યાય લાવવા ઈચ્છે છે તે જ સૌથી મહત્વની વ્યકિત છે.વાસ્તવિક હિરો જે આપણને ઉડાન ભરતા શીખવે છે,સાચા પથની સમજ આપે છે,વાસ્તવિક દુનિયાનો અનુભવ કરાવે છે.વિશ્વને બચાવવા વિલન સામે લડતા શીખવે છે તે જ તો આપણા સાચા હિરો છે અને તે છે આપણા શિક્ષકો,આપણા ગુરુ.

A good teacher can inspire hope, ignite the imagination and instill a love of learning.

જીવનમાં લોકો આવે છે અને જાય છે.કેટલાક યાદ આવશે અને કેટલાક ભૂલાય જશે પરંતુ એક વાતની મને ખાતરી છે કે તમે તે વ્યકિતને કયારેય ભૂલી શકતા નથી કે જેને તમે તમારા બીજા માતા–પિતા તરીકે પણ સંબોધી શકતા હો.

અલબત,જે.જે.કે.ના એક વિધાર્થીની તરીકે આપણા પ્રેમાળ શિક્ષકો અલ્પેશ સર,ચિરાગ સર અને નિશામેમનો આભાર માનવાનો આ યોગ્ય સમય છે. જેણે અમને જયાંહતા ત્યાથી માઈલો દુર ઊચી ઉડાન ભરતા શીખવ્યું છે.

કિસ કદર શુકિયા અદા કરું,
ઉસ ખુદા કા, અલ્ફાઝ નહી મિલતે,
જિંદગી ઈતની ખુબસુરત નહી હોતી,
જો આપ જૈસે ગુરુ ન મિલતે.





## ક્યારેક પિતા

ક્યારેક પિતા રૂપે તો ક્યારેક મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમારી ઉપર છે આશીર્વાદ રૂપે,
આંગળી પકડી ચલાવ્યાં બે ડગલાં જેણે,
ડગલે અને પગલે સાથે રહેતા રમતાં સાથે,
બાળપણથી આજ સુધી જેનો સાથ છે,
જેણે જીવનમાં સાચી દિશા અને શીખ આપી છે,
બે સમયનું ભોજન 'મા' બનાવે છે પણ,
જીવનભરની વ્યવસ્થા 'પિતા' જ કરે છે,
સાચી સલાહ અને અનુભવથી,
આગવું સ્થાન મળ્યું છે,
એ પિતા એક ઘટાદાર વૃક્ષ છે,
એ જ પિતાની શીતળ છાયામોં,
સમગ્ર પરિવાર સુખથી રહે છે.

-બાવળીયા અલ્પા



## બાળગીત

ચાંદામામા ના ઘર જવું મારે રમવા,
ખિસ્સા ભરી ભરી તારા વીણીશું રે...
નદિ કિનારે જવું મારે ફરવા,
ખોબા ભરી ભરી શંખલા વીણશું રે..
વાદળાના ટાપુ પર જવું મારે રમવા,
અળકો દળકો સાતતાળી રમશું રે..
મનગમતા મેળામાં જવું મારે ફરવા,
થેલો ભરી ભરી રમકડાં લેશું રે..
જંગલોની ઝાડીઓમાં જવું મારે રમવા,
ગીલીદંડા સંતાકૂકડી રમશું રે..
મારી શાળા એ જવું મારે રમવા,
સૌ મિત્રો ભેળા મળી રમશું રે.....

-સોમા ડાભી



## પરસેવાનું ટીપું -સેજલ બાવળીયા

એક મજૂર પરીવારમાં એક યુવાન દીકરી હતી. પિતાએ તેના મજૂરીકામથી ટુકડે ટુકડે ભેગા કરેલા પૈસામાંથી એક મકાન બાંધવાનું સ્વપ્ન સેવ્યુ હતું. અત્યંત મુશ્કેલીઓ વેઠયા પછી પિતાનું આ દુર્ગમ સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યુ હતું. પિતા આ મકાન બાંધવા માટે પોતે પણ કડિયાઓને મદદ કરતાં હતાં. પિતા આ કાર્યમાં મકાનની બાંધણી માટે પોતે જાતે માથા પર ઈટો લઈ જયારે સીડી ચડી રહ્યા હતા ત્યારે. એનો શ્વાસ ફૂલી રહ્યો હતો, એ થાકી ગયા હતા, એના કપાળના પરસેવાના ટીપામાં દીકરી પોતાનું પ્રતિબિંબ જુએ છે. આ જોઈ તેની આંખમાંથી અશ્રુની ધારા વહે છે. દીકરી પિતાને જળ ભરેલો આપછે. અને પિતાના પરસેવાને પોતાની ચૂંદડીથી લૂછે છે. એ જોઈ પિતાનું મન પણ ભરાઈ આવે છે. દીકરીના મનમાં આ દ્રશ્ય છપાઈ જાઈ છે. અને પોતે જીવનમાં સફળતા હાસલ કરી પિતાને શ્રેષ્ઠ જીવન આપવાનો નિર્ધાર કરે છે. એક દીકરી જ પિતાનો ચહેરો દર્પણની માફક વાંચી શકે છે.

# કરુણા





## 'મુલાકાત'

મુલાકાત આપણી એક એવી થઈ ગઈ.
કે કોલેજની હરેક યાદ ખાસ થઈ ગઈ.

મળ્યા તમે અને અમે કંઈક એમ,
કે જિંદગી આજે યાદગાર થઈ ગઈ.

એક જ વર્ષમાં બનાવ્યો પરિવાર એવો,
કે આજે હું તેની એક સદસ્ય થઈ ગઈ.

ઘણુ આપ્યું મને અને ઘણુ મેળવ્યુ મેં,
કે જાણે જિંદગીમાં નવી ઉસ થઈ ગઈ.

નથી ઈચ્છા છતા છોડવી પડશે આ કોલેજ,
એ જ વિચારોમાં આજ હું ઉદાસ થઈ ગઈ.

ગૌસ્વામી મીત્તલ



## ટચ કરે

- કાપડી કાજલ

આંગળીના ટેરવે બેઠા બેઠા ટચ કરે,
ઉંધુ ઘાલીને આખી દુનિયાનું સર્ચ કરે !

ઉઠતાની સાથે કરે ઘજબતકબ.. ના દર્શન
પરડગેલા હોય તોય ફોટાઓ મેચ કરે !

પછી ઘરમાં યુધ્ધના રણશીગા વાગે,
પત્ની વાસણ ફેકે અને પતિ તેને કેચ કરે !

મેકઅપવાળા ફોટાઓ ફેસબુક પર મુકે,
એકાદ લાઈક મળે તો પતિને ચેલેન્જ કરે !

છોકરાઓને ચોકલેટનો રુપિયોય ના આપે,
અને ઈન્ટરનેટ પાછળ હરોના ખર્ચ કરે !

ગામના આઉટ લાઈન છોકરાઓ ઓનલાઈન થઈ ગયા,
કામ ધંધો કરે નહી ને બાપા પર એટેક કરે !

દુરના ટચમાં રહેતા નજીકનાનો ટચ ગયો,
સૌને વિનંતી એક વાર સ્વજનોને સર્ચ કરે !



## મયુરી ગોસાઇ



# શિક્ષણ એટલે... પૂર્ણત્વનુ પ્રગટીકરણ



અસંખ્ય ખ્યાતનામ સંસ્થાઓને ખુંદીને તૈયાર કરેલ વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમ અને અન્ય કાર્યક્રમોનો અમલ.

ઉચ્ચ શિક્ષણ પામેલા તાલીમી, અનુભવી અને માયાળુ શિક્ષણગણ.

શાળા માટે ભવ્ય પ્રેરણાદાયી શાળા બિલ્ડીંગ, જેમાં પૂરતા હવા ઉજાશવાળા અને આધુનિક સુવિધાથી સજ્જ વર્ગ ખંડો.

અભ્યાસક્રમને સુદ્રઢ બનાવવા પાઠ્યપુસ્તક સાથે સરળ અને સચોટ પૂરક શૈક્ષણિક સાહિત્ય.

શિક્ષણને સમૃદ્ધ બનાવવા માટે ઓડિયો વિઝ્યુઅલ સાધનો, મોડેલ્સ, ચાર્ટસ, કમ્પ્યૂટર વગેરેનો મહત્તમ ઉપયોગ.

છેલ્લા પાંચ વર્ષ થી...

S.S.C. બોર્ડનું શાળાનું પરિણામ.... 95% કે તેથી વધારે

H.S.C. બોર્ડનું શાળાનું પરિણામ....

છેલ્લા ત્રણ વર્ષ થી 100%

## શ્રી યુનિવર્સલ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

ચંદ્રેશનગર મેઈન રોડ, મવડી પ્લોટ,
રાજકોટ-૩૬૦ ૦૦૪.

: 0281 2380998 : 8000100960

: www.shreeuniversalschool.com

## બ્રિલિયન્ટ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

મવડી રીંગ રોડ ચોકડી પાસે, જીત્રીયા હનુમાન મંદિર સામે,
રાજકોટ-૪. ફોન : ૨૩૭૦૮૭૦

: 0281 2370870 : 9429485655

: www.brilliantschoolrajkot.com



# સત્ય





ચેતના



અર્જુન સોભાષણા

## તારી યાદ આવે છે

તારી યાદ આવે છે
સ્ક્રોલ કરું મારી જુની યાદો ને,
હાયપેરલિંક થઈ તું સામે આવે છે
એક મિનિટ તારી યાદ આવે છે,
સ્ક્રીન સેવર ની જેમ તું સામે આવે છે
બેસું છુ કામ કરવા
મિનિમાઈસ કરું છુ મારી બધી વિન્ડોને,
ડેસ્ટોપ ની જેમ તું સામે આવે છે.
ડિલીટ કરું છુ તે યાદ ની ફાઈલને
પણ થોડી વારે એ રીસાઈકલબિનમાંથી
પાછા આવે છે
સટડાઉન કરું છુ મારી સિસ્ટમ
તો પણ સટડાઉન મેસેજમાં તું આવે છે
સ્કેન કરું છુ મારી હાર્ડડિસ્ક ને
વાઈરસ બનીને તું સામે આવે છે.



## પૈસા

ગરીબ ની આંખો માં મે એક સપનું જોયું છે,
જિંદગી માં એને પણ કયારેક મોટું બનવું છે,
તરસ આવે છે મને આ કાગળ ના ટુકડાઓ પર,
જે અમીરો ના ખિસ્સા ની આગળ પાછળ ફરે છે
એમને શું ખબર કે હવામાં ઉછાળીને નહી,
આ ગરીબ એમના મંદિરમાં પૈસાને પણ
ભગવાનની જેમ રાખે છે

-કાલીયા અશોક



હૈયે આજે
ખુબ અકળામણ થઈ,
અચાનક
બારી ઉપર નજર ગઈ
એક ચકલીને
ચિચિયારી કરતાં જોઈ.
અદેખાઈ થઈ
મને તેને આનંદિત જોઈ,
અનાયાસે જ
તેને વાત પુછાઈ ગઈ.....
કેવી રીતે
આટલી આનંદિત રહી શકે તું,
સદીઓથી
ફકત ચોખાની ચણ લઈ
વાત સાંભળી મારી,
એને મનુષ્ય ની વાચા થઈ.
રે ભલા આદમી....
બુધ્ધિ તો તને
અમારા કરતાં
અનેક ઘણી મળી ગઈ
પણ ઈચ્છાઓ ની
વણજાર લગાવી તેં
તેમાં તારી ખુશી રોળાઈ ગઈ.
મળ્યુ જે
એ મોજ થી માણી લે,
ભેગું કરવાની ઈચ્છા ત્યજી દે
સંતોષની
મુડી તું રાખ,
દેખાદેખીમાં ન ખોઈ દે.
હૈયાની
અકળામણ ઓછી કરી,
એ
નાની સી ચકલી,
આર્ટ ઓફ
લિવિંગ શીખવાડી ગઈ.

# નિષ્ઠા





## તને આદર નથી..

જો નદી માટે તને આદર નથી
તો પછી એ દોસ્ત ! તું સાગર નથી,
આ કંઈ પળવારની હરફર નથી,
એ ખરું કે કાયમી એક ઘર નથી,
કલ્પનાઓ ભોગવી તો જાણ થઈ-
વાસ્તવિકતા એટલી સુંદર નથી,
અન્યની દ્રષ્ટિ ઉપર સઘળો મદાર,
ખુદની દ્રષ્ટિએ કોઈ બબર નથી
એક ઊંડી ખાઈ છે સંબંધમાં,
આમ કંઈ ઝાઝું હવે અંતર નથી.
ઊંઘ નહિતર લડખડાવી ના શકે,
આપણું આ જાગરણ પગભર નથી!

-વાળા રાજુ



મારા શિક્ષક

-ડાંગર સોનલ

શિક્ષક કદી મરતાં નથી, શિક્ષક હંમેશા વિદ્યાર્થીમાં દેખાય,
શિક્ષકના શિક્ષણના મૂલ્ય કદી ચૂકવ્યા ના ચૂકવાય.
એકલા હાથે આખો દિવસ તનતોડ મહેનત કરતાં,
છતાં બીજે દિવસે પ્રેમથી અમને ભણાવતાં,
એ વર્ગને યાદ કરીને આંખો ભીની થાય,
અમને આભમાં ઉડાડવા તનતોડ મહેનત તમે કરતાં,
વિદ્યાર્થી માટે તમે જે વેઠયુ, કદી ના વિસરાયસ
પ્રેમના મીઠા ઝરણાં સામે દુનિયાના સૌ દરિયાં ખારાંસ
તમે એવા ઓઠા, અમે પણ તમ વિણ સાવ નોધારા,
સદા આર્શીવાદ આપતા હાથ હજી દેખાય.
આંગળી પકડી એકલો શીખવે, જે કદી ના ભૂલાયસ
ભૂલ થઈ જો હોયતો સર, આજે તમારી માંગુ માફીસ
નથી બનાવ્યુ સ્મારક તો એ શ્વાસેશ્વાસમાં છો સરસ
તમ અજવાળું હજી અમારે મારગડે રેલાય,
ધરતી જેવું ધૈર્ય જીવે, માણસના રૂપમાં ભગવાનસ
દુનિયાના મહાભારત આગળ કૃષ્ણ કહે ગીતા.......
એવા મારા શિક્ષક............
મારા શિક્ષક જ મારા માટે ભગવાન છેસ
તેમના ચરણોમાં રહેવું પણ વરદાન છે.
હું તમારી આભારી છું, જીવનમાં બધું જ મળશે,
પણ તમારાં જેવા શિક્ષક.....
ક્યારેય નહી મળે... ક્યારેય નહી મળે........!
તમે જગતના શ્રેષ્ઠ શિક્ષક છો,
હું તમારો આભાર ક્યારેય નહી ચૂકવી શકું!!!!!!



-ઓતરાદી અસ્મીતા

'નથી રહ્યાં'

દિવસો તો ખેર કોઈના સારા નથી રહ્યાં,
કદુઃખ એ જ છે કેકઆપ અમારાં નથી રહ્યાં.
કમિત્રોની મહેફિલોમાં દુઃખી દિલનું સ્થાન કયાં ?
કસોબત રહી ગઈ છે, સહારા નથી રહ્યાં.
કરસ્તા હવે તો પાછા જવાનાંય બંધ છે,
કમૂંકી દીધાં હતાં એ ઉતારા નથી રહ્યાં.
કબસ એટલે જ નાવ ડુબાડી દીધી અમે,
કજયાં પહોંચવું હતું એ કિનારા નથી રહ્યાં.

- બરકત વિરાણી 'બેફામ'



## મિત્રતા

કેવી સુંદર છે દોસ્તીની પરિભાષા,
હું શબ્દ ને તું અર્થ,
તારા વગર હું વ્યર્થ !
અડધી ચા, આખી વાતો,
શમી સાંજ, થમેલી યાદો,
કયાંક તું, કયાંક હું,
મળ્યું શું, ગુમાવ્યુ શું,
સવાલ ઘણા, જવાબ એક : મિત્ર

- ભાદુ શાંતિ


Admission
OPEN
Nursery
Play House
L.K.G.
H.K.G.
1 To 12 Com.
Registration Start
Ph. 0281-2453758
Mo. 82005 98585
શ્રેયાંસ સ્કૂલ
૧-બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ.
E-mail : shreyanshschool@gmail.com


:: કાર્યક્ષેત્ર ::
પ્લે હાઉસ, એલ.કે.જી.,
એચ.કે.જી.,
ધો. ૧ થી ૧૨ કોમર્સ
Admission
OPEN
શ્રેયાંસ વિદ્યાલયમાં અભ્યાસ શા માટે ???
Wi-Fi સ્કૂલ કેમ્પસ સાથે આધુનિક કમ્પ્યુટર લેબ.
ગુણવતાયુકત શિક્ષણ પદ્ધતિ.
વ્યકિતગત વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ.
શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ.
અનુભવી અને હાઇ એજ્યુકેટેડ સ્ટાફ.
સમયસર અભ્યાસક્રમ પૂર્ણ કરાવી સુંદર રીવીઝન પદ્ધતિથી સતત રીવીઝન કાર્ય.
બાળકોના સર્વાંગી વિકાસ માટે અભ્યાસ સાથે સહઅભ્યાસિક પ્રવૃતિઓ.
છેલ્લા ૧૫ વર્ષથી પણ વધુ શિક્ષણ ક્ષેત્રે જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર સંચાલકશ્રીઓ અને તેમનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન તો ખરું જ.
હવા ઉજાશવાળા વર્ગ ખંડો તેમજ પ્લે હાઉસ, એલ.કે.જી., એચ.કે.જી. માટે બાળકોની સ્વપ્નનગરીના વર્ગ ખંડો.
મોબાઇલ એપ્લિકેશન દ્વારા વિદ્યાર્થીઓ ઉપર મોનીટરીંગ. નિયમીત બાળકોનું મૂલ્યાંકન અને વિકલી પરિક્ષાઓનું આયોજન.
ડાન્સ
મ્યુઝિક
ડ્રામા
આર્ટ
જુડો કરાટે
યોગા
સ્પોર્ટ્સ
Ph. 0281-2453758
Mo. 82005 98585
શ્રેયાંસ સ્કૂલ
૧-બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ.
E-mail : shreyanshschool@gmail.com

# વિનય





## સંબંધ

જે જન્મથી બંધાય છે, તે સંબંધ
જેનાથી અસ્તિત્વ છે, તે સંબંધ
જેમાં સુખ-દુઃખ સમાયેલા છે, તે સંબંધ
જેમાં પ્રેમ અને ઈર્ષ્યા સમાયેલા છે, તે સંબંધ
જેનાથી દુનિયા ચાલે છે, તે સંબંધ
જેના પર વિશ્વાસ છે, તે સંબંધ
જેના પર જીદગી ટકેલી છે, તે સંબંધ
જેનાથી ખુશીઓની લાગણી થાય તે સંબંધ
જેમાં ફુલોની સુગંધ છે, તે સંબંધ
જેની સાથે ચાલીએ છીએ, તે સંબંધ
જેની સાથે જીવીએ છીએ, તે સંબંધ
જે મૃત્યુ પછી પણ રહે છે, તે સંબંધ

-મકવાણા નિલમબેન



## જીંદગી જીવતા શીખો...

સુખને વહેચતા શીખો,
દુઃખને સહેતા શીખો,
આંસુને લુછતા શીખો,
કોઈને હસાવતા શીખો,
જીદગી બે પલની છે,
પણ બે પલમાં આખી
જીદગી જીવતા શીખો.
કેમકે.......
આકૃતિ નહિ આકાર બદલાય છે,
સ્વભાવ નહિ વ્યવહાર બદલાય છે,
સાચવીને,રહેજો આ દુનિયામાં
કારણ કે....
અહિંયા ઈચ્છા પુરીના થાય તો
ભગવાન પણ બદલાય છે.

– ભટ્ટ નમ્રતા



## મળ્યાં કરે....

આંખના દીપ પ્રગટાવુંને,
આ આંસુ એને બૂજાવ્યાં કરે.
હુ બુંદ બુંદ કરી અંધારુ શણગારુ,
આ રોશની આવી એને વિખેર્યા કરે.
આકાશ  આખું સુતૂ ને,
આ ચાંદ તારાને જગાડયા કરે.
એક પછી એક પહોર વીતે ને,
સમય પાછો દોડયા કરે.
કલમમાં,કાગળમાં,શબ્દોમાં,ગઝલમાં,
કયાંક ને કયાંક આ મીરા એના માધવને
મળ્યાં કરે!!

-કાપડી રિધ્ધી



## अपने आनंद

अपने आनंद का माध्यम स्वयं ही बने
दूसरो से आनंद प्राप्ति की आशमत रखिए
क्यूकि,
आंतरिक आनंद कोइ दे नहि शकता
लेकिन छीन भी नहि शकता

-નકુમ પાયલ



# વિવેક



## દયા વાઘાણી



હે ઈશ્વર, ક્યાં છે તું??
શું મંદિરોની દીવાલમાં છે.
કે પછી માટીની મૂર્તિમાં છે?
ક્યાંક અગરબાત્તીમાં તો નથી છુપાયોને તું!!
શું અપ્સરાઓના સંગમાં છે,
કે પછી પૂજાની થાળીમાં વસે છે?
ક્યાંક ફૂલોના હારમાં તો નથી છુપાયોને તું!!
શું પ્રકુતિની પહોરમાં છે,
કે પછી સંસ્કુતિનાં સૌંદર્યમાં છે?
ક્યાંક અખિલ બહમાંડમાં તો નથી છુપાયોને તું!!
શું મારા માતા-પિતામાં છે,
કે પછી નાના બાળકોમાં છે.?
ક્યાંક મારામાં જ નથી છુપાયોને તું!!
હે ઈશ્વર તું તો આ બધાયમાં છે,
છતાંય મને પ્રશ્ન એ છે કે,
હે ઈશ્વર, ક્યાં છે તું?



## ભાર્ગવ અઢીયા

छोटे से गाँव से आया हूँ
आँखों में एक ख्वाब रखता हूँ
यहाँ पे सिर्फ पढ़ाई के लिए आया हूँ
ऐसा हर पल ख्याल रखता हूँ
बुरा मत समजना मुझको
दिल में एक अरमान रखता हूँ
सबसे में नर्मी से पेश आऊँगा
क्योंकि सबका मैं सम्मान रखता हूँ
हार जीत तो चलती रहेगी
पर मैं सबको साथ रखता हूँ
और लिखता हूँ इस लिए क्योंकि
लिखने  का शौक रखता हूँ



## સમયને હાથ જોડ્યા તોય, પાછો ક્યાં વળે છે...જો !

સમયને હાથ જોડ્યા તોય, પાછો ક્યાં વળે છે..જો !
અને માંગ્યા વગર પીડા બધી આવી મળે છે..જો !
કદી વાસંતી સપનાં આંખમાં રોપ્યા હતાં એથી,
હવે તો પાનખર પણ, થઈ ગુલાબી ને ફળે છે..જો !
હથેળી બંધ છે ને, કાલ પણ એમાં સલામત છે,
છતાંયે બીક રાખી, આજ કેવી સળવળે છે..જો !
છલોછલ બારમાસી લાગણી કેરા સરોવરમાં,
અધૂરી ઝંખના, ટોળે વળીને ટળવળે છે..જો !
સમય, સંજોગને ચહોતણાં માંડીને વરતારા,
તુ મનગમતી કરીને વાત, ખુદને પણ છળે છે..જો !





– તડવી કિષ્ના



# પ્રેમ





પરીતા આંબલીયા

## જીવનનું સરવૈયું

જીવનનું સરવૈયું
બનાવું છું સરવૈયું.
ઘડીમાં જમા બાજુ
ઘડીમાં ઉધાર બાજુ...
લમણાંજીક કરું છું,
આંકડા પાડું છું,
અંતે બંને બાજુ
સરખી કરું છું
સરવૈયું તૈયાર થયું.
જીવનના
પાપની ઉધાર બાજુ સામે
પૂણ્યની જમા બાજુ
કેમ સરખી નથી થતી?
જીવનનું સરવૈયું
ક્યારેય મળશે નહી શું?



કેયુર ચુડાસમા

આવ્યો છું !
અફાટ-અસીમ આ ભવસાગરમાં
તરવા આવ્યો છું
હું તો તારી સંગે આમ જ
ફરવા આવ્યો છું
ટાઢ, તાપ, જીવનનો તડકો સંગે મેં સહ્યો છે,
એક એક ક્ષણ આ બંદો તારી સંગ રહ્યો છે,
સંગે જનમ્યો તારી, સંગે મરવા આવ્યો છું
- હું તો તારી સંગે...
ભવસાગરની ચિંતા શાને ચહેરા પર તાણી છે,
કેમ ડુબે છે કે જયારે કેડ સુધી પાણી છે.
કેડ કેડ પાણીમાં છબ છબ કરવા આવ્યો છું
- હું તો તારી સંગે...
હું કરું બસ હું કરું એ ઢંઢેરો શીદ વગાડે,
સાક્ષી થઈ જા, પછી જો તું કોણ કશું બગાડે,
કર્તા તું ને નિમિત માત્ર બનવા આવ્યો છું
- હું તો તારી સંગે...



-રોશની
સરાવાડિયા

જિંદગી જોવાનો નજરીયો બદલાઈ ગયો છે,
પહેલા હતો તે નથી જમાનો બદલાઈ ગયો છે.

મારામાં છે તે તારામાં નથી,
તારામાં છે તે મારામાં નથી.

જો ભુલથી ન હોઉં તો...
ખામીઓના ભંડાર ભરાઈ ગયો છે.

અપેક્ષાઓની સીમાઓ લંબાઈ ગઈ છે,
આકાંક્ષાઓનો દરીયો છલકાઈ ગયો છે.

ભુલોની પરંપરાઓ સર્જાઈ ગઈ છે,
સુધારવાનો અહેસાસ વિસરાઈ ગયો છે.

સારાપણાની ખોટ નથી...
સારપ જોવાનો નજરીયો બદલાઈ ગયો છે

ખુશામતીયાઓની ખોટ નથી...
સાચું કહેનારો કોહવાઈ ગયો છે.

ભલે અટકી જાય અરમાનોના સીમાડા..
માણસ સંબંધને આટીમાં અટવાઈ ગયો છે...

સ્થાપના વર્ષ - ૨૦૦૨

પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# પંચશીલ વિદ્યાભવન

આર.ટી.ઓ. સામે, પેડક રોડ, શકિત સોસાયટી, રાજકોટ-૩. ફોન નં. (૦૨૮૧) ૬૫૪૭૨૧૨



## પંચશીલ વિદ્યાભવનમાં ચાલતા શૈક્ષણિક કોર્ષ

- પંચશીલ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.)
- પંચશીલ મહિલા પી.ટી.સી. કોલેજ
- પંચશીલ પી.ટી.સી. કોલેજ (મહિલા)
- પંચશીલ માધ્યમિક શાળા (ધો.૮ થી ૧૦)
- પંચશીલ પ્રાથમિક શાળા ધો. ૧ થી ૭
- પંચશીલ બાલવાટીકા, નર્સરી થી H.K.G.
- પંચશીલ કન્યા છાત્રાલય


❖ ટ્રસ્ટીશ્રીઓ ❖

શ્રી શૈલેષભાઈ વોરા — શ્રી મનસુખભાઈ કોદાળા

શ્રી બાબુભાઈ વોરા — શ્રી ઝવેરભાઈ રંગાણી

શ્રી રવજીભાઈ કોરાટ


❖ સંલગ્ન સંસ્થાઓ ❖

- ❖ માસુમ વિદ્યાલય-રાજકોટ
- ❖ રોયલ સ્કુલ-રાજકોટ
- ❖ વિવેકાનંદ વિનય મંદિર -જસદણ



# માન





मैं मैं हूं.... मैं ही रहूंगी....
ना मैं रैाही बनूंगी,
किसी मूरत के मोहमें,
घर-संसार त्यागकर,
साधुओं के संग फिरूं
एक तारा हाथ लेकर,
छोड़ जिम्मेदारियां
मैं नहीं मीरा बनूंगी....

मैं उसी के संग जियुंगी,
जिसको मनसे वरूंगी,
पर उस की ज्यादती
मैं नहीं कभी सहूंगी....

कर्तव्यसब निर्वाह करूंगी लेकिन,
बलिदान के नाम पर मैं यातना
नहीं सहुंगी....

-ખાવડુ હેતલ



-નગવાડિયા મીનલ

જીંદગી જીવવા માંગુ છું
નથી બનવુ સુંદર લાલ ગુલાબ
હું તો બસ એક નાનકડી કળી બની ખુશ રહેવા માંગુ છુ
નથી ત્યાં અમાસનો અંધકાર કે નથી પૂનમનો અજવાશ
હું તો બસ એવા જ અજાણ્યા રસ્તે રમવા માંગુ છું
નથી ત્યાં કોઈ જાણીતા કે નથી કોઈ અજાણ્યા
હું તો બસ એવી જ દુનિયામાં ખોવાઈ જવા માંગુ છું
નથી દોડવું જ્યાં જવા આખી દુનિયા દોડે છે
હું તો બસ તેની તદ્દન વિરૂદ્ધ ફક્ત ચાલવા માંગુ છુ
નથી જોઈતો કોઈ જાણીતાનો સંગ,
હું તો બસ અજાણ્યા સ્મિત સાથે જીવવા માંગુ છું
નથી ત્યાં દુખ કે નથી કોઈ સુખની આશ
હું તો બસ આવી જ જીંદગી જીવવા માંગુ છું
બસ જીંદગી જીવવા માંગુ છું



-કાભી રેણુકા

કંઈક નવું લઈને આવે
બાળપણ ભૂલાવી રોજ મોટું થવું લઈને આવે,
જીવનની એક ખૂબી કે કંઈક નવું લઈને આવે.

મોજથી જીવતા મનનું મહેકવું લઈને આવે,
ને પછી બોજથી એનું જ ચરમાઈ જવુ લઈને આવે.
ચોખ્ખા ચટ માણસોની આંખોમાં ચટકદાર સપનાં,
સફળતાની સવલત કયાંક ઝાંઝવું લઈને આવે.

શોકની સોગાત, દિવસથીરાત, એક જ વાત.
ખીડકી ખોલી ઉરની તો પછી હસવું લઈને આવે.

વરસાદ વિનાનાં સાવ સૂકામાં સૂકા અંધારીયા દિવસો,
અંતરને ઉજાળવા દિવાળીનું ઝગમગવું લઈને આવે.
સંતોષ માની લેય તો કયાં કોઈ તકલીફ જ છે,
ને છતાંય જો જીવી જાણે તો એનાથી પણ
સવું લઈને આવે
જીવનની એક ખૂબી કે કંઈક નવું લઈને આવે.





સૌરાષ્ટ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજકોટમાં
પોતાના ઘર જેવું જ વાતાવરણ તથા સગવડતા સભર નવુજ...

# શેફર્ડ બોયઝ હોસ્ટેલ







હા... જી હવે રાજકોટમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓની અગવડતાઓ તથા મુશ્કેલીઓનો અંત આવી ગયો છે. જે વિદ્યાર્થીઓને રાજકોટમાં અભ્યાસ કરી પાતાની ઉજ્જવળ કેરીયર બનાવી છે. તેઓ માટે સ્વર્ગસમાન સગવડતા સભર આપની કોલેજથી તદ્દન નજીક અમોએ આપના માટે અદ્યતન સુવિધા શેફર્ડ હોસ્ટેલનું આયોજન કરેલ છે.

## સુવિધાઓ

- દરેક વિદ્યાર્થીઓને ઘર જેવું જ શુધ્ધ સાત્વિક વેરાયટી સાથેનું જમવાનું તથા ચા-નાસ્તો.
- કોલેજથી તદ્દન નજીક હોસ્ટેલની સુવિધા.
- સંપુર્ણ હવા ઉજાસવાળા રૂમ.
- વિદ્યાર્થીઓને સુવા માટે આરામદાયક સેટી પલંગની વ્યવસ્થા.
- ૨૪ કલાક પાણીની સુવિધા.
- કપડા ધોવા માટે ધોબીની વ્યવસ્થા.
- ઘર જેવું સુંદર અને રમણીય વાતાવરણ.
- વિદ્યાર્થીઓને પીવા માટે મીનરલ વોટરની ફેસેલીટી.
- વિવિધ ધાર્મિક તહેવારોની સંસ્કાર ભેર ઉજવણી.
- CCTV કેમેરા સાથેની સુસજ્જ હોસ્ટેલ.

અત્યારથી હોસ્ટેલ એડમીશન માટે બુકિંગ ચાલુ છે,
તો વહેલા તે પહેલાના ધોરણે એડમીશન ચાલુ છે. તથા
સંખ્યા મર્યાદિત હોવાથી આપનું એડમીશન વહેલા બુક કરાવવા વિનંતી.

**શેફર્ડ બોયઝ હોસ્ટેલ**

સુનીલભાઈ એન. ભાતેલીયા - ૯૭૨૭૬ ૯૦૩૭૫
સંજય એસ. પાંઉ - ૯૮૯૮૨ ૫૪૮૨૧

સંત કબીર રોડ, જુના જકાત નાકા સામે, રાજકોટ-૩.

વિનસ પ્રિન્ટર્સ - ૯૮૨૪૪ ૨૫૧૩૪

# મોભો





આ કાળ કાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈ નથી, પગલા વસંતના!

મલયાનિલોની પીછી ને રંગ ફૂલોના લઈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના!

આ એક તારા અંગે ને બીજો ચમન મહી
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના!

મ્હેકી રહી છે મંજુરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબાં વસંતના!

ઉઠી રહ્યા છે યાદના અબીલ ને ગુલાલ
હૈયા છે આજ તો છાટા વસંતના!

ફાદુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના!

-પાનસુરીયા પ્રદીપ



- અવની ડોડીયા





સુનીલ ડાભી

## હું શિક્ષક છું..

હું નથી કવિ કે કવિતા બનાવી શકું
હું નથી લેખક કે વાર્તા લખી શકું
નથી હું ડાયરેક્ટર કે ફિલ્મ બનાવી શકું
કે નથી હું ડ્રાઈવર કે બસ ચલાવી શકું
હું વડાપ્રધાન પણ નથી કે, દેશ ચલાવી શકું
નથી હું વૈજ્ઞાનિક , કે નવી નવી શોધ લાવી શકું
વકીલ પણ નથી કે કેસ લડી શકું
નથી હું સૈનિક કે દેશની સુરક્ષા કરી શકું
પણ જયારે જાઉં છું હું વર્ગખંડમાં,
ત્યારે આ બધાને બનાવી શકું છું
કારણ કે હું શિક્ષક છું..

# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...



૨૧ જૂન - વિશ્વ યોગ દિવસ યોગ ભગાવે રોગ....



વ્યસન મુક્તિ અભિયાન માઢક સરના બર્થ ડે ની ઉજવણી



M.Ed. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા હિન્દી દિવસની ઉજવણી : ડો. કનૈયાલાલ ડામોર





પ્રવેશોત્સવ ૨૦૧૮માં ઉષ્માસભર આવકાર: શ્રી કૌશિકભાઇ મહેતા , શ્રી મનસુખભાઇ જોષી



રામકૃષ્ણ આશ્રમ સાહિત્ય પ્રદર્શન અને વેચાણ તથા રક્તદાન કેમ્પ

# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...



ગુરુપૂર્ણિમા ઉત્સવ

Features of Teacher's



પ્રકૃતિની ગોદમાં પરિચય પ્રવાસની યાદગાર પળો....







મધર ટેરેસા આશ્રમ મુલાકાત

રામકૃષ્ણ આશ્રમ મુલાકાત

# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...










મહેદી અને રાખડી સ્પર્ધા











શિક્ષકદિનના સંભારણા









# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...



પ્રજ્ઞાવર્ગની મુલાકાત



રાષ્ટ્રીય ખેલ દિનની ઉજવણી



TLM પ્રદર્શન, વર્ગખંડ સુશોભન સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, વાંચે ગુજરાત પુસ્તક પ્રદર્શન



ઈન્ડોર ગેમ્સ

# કેમેરામાં કંડારાયેલી પ્રવૃતિઓની ઝલક...







ગાંધી
નિર્વાણ
દિન










નમ્ર મુનિ
સ્વામીનું
પ્રવચન

15
August










Gift
Exchange

Welcome
2019







જેલમાં કેદીભાઇઓને
સરદાર પટેલ
જીવન પરિચય



# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...

## રાસ સંધ્યા ૨૦૧૮




















Happy Birthday



# દિક્ષાંત સમારોહમાં પધારેલ અતિથીશ્રીઓ...

























# સાંસ્કૃતિક સંધ્યાની ઝલક...

















# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...

## સલાડ સ્પર્ધા



## Budget seminar




## શિક્ષણ વહીવટી માળખા અંગે માર્ગદર્શન



## Happy Birthday Medam



## ભાષા સજજતા વ્યાખ્યાનઃભરતભાઈ પાઠક



# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...

## ગાંધી નિર્વાણ દિન : ક.બા. ગાંધીના ડેલે શાંતિ પ્રાર્થના








## હેપ્પી ન્યૂ યરઃ ગીફ્ટ એક્સચેન્જ કાર્યક્રમ










## શૈક્ષણિક સાધન સ્પર્ધા ઈનામ વિતરણ





# કેમેરામાં કંડારાયેલી પ્રવૃતિઓની ઝલક...

## અંધશ્રદ્ધા નિવારણ અને જાગૃતિ માટે શેરી નાટક






## કલીન રાજકોટ મેરેથોનઃ ૨૦૧૮









## આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ ઉજવણી





## ઉદીશા કલબઃ સામાન્ય જ્ઞાન કસોટી






# કેમેરામાં કંડારાયેલી પ્રવૃત્તિઓની ઝલક...

## સમૂહ ભોજનઃ પાણીપૂરી








## શ્રેયાંસ શાળા વાર્ષિક મહોત્સવમાં ઉપસ્થિતિ






## શ્રી કેયુરભાઈ ડોડીયા દ્વારા મૂલ્યાંકન માળખા અંગે તજજ્ઞીય વ્યાખ્યાન






## એમ. એડ્. ઈન્ટર્નશીપ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા






# કેમેરામાં કંડારાયેલી પ્રવૃતિઓની ઝલક...

## ખેલ મહાકુંભ




## લોક વિજ્ઞાન કેન્દ્ર, રેસકોર્સની મુલાકાત







## બાલભવન આયોજીત પુસ્તક મેળાની મુલાકાત




## હોલી હૈ...




## ડીબેટ: ગુજરાતી માધ્યમ કે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ




## મેરા ટેલેન્ટ મેરી પહેચાન...







Happy Birthday medam

# કેમેરામાં કંડારાયેલી પ્રવૃતિઓની ઝલક...

## પેપર ક્રાફ્ટ અને શૈક્ષણિક સાધન પ્રદર્શન
























# કેમેરામાં કંડારાયેલી પ્રવૃતિઓની ઝલક...

## પરીચય પ્રવાસઃ પ્રગટેશ્વર મહાદેવ મંદિર, કાલાવાડ



# વિદ્યાર્થીઓની પીછીએ.....



ખુમાણ પ્રગતિબા



નરસિંયન જયદીપ



રામાણી ભાવિશા



બાબરીયા રાહુલ




ચૌહાણ પ્રિયા



મેણિયા રેખા



ચૌહાણ મનિષા



આચાર્ય મીરા



# મર્યાદા





## કોમલ ચાવડા

## मेरी ये जिन्दगी

माँ बाप की छाया मे है मेरी ये जिन्दगी
कैसी अनोखी माया मे है मेरी ये जिन्दगी
हंसते हुअे गूलजार है मेरी ये जिन्दगी
कभी कहती है थोडा हंसलो
तो कभी कहती है फूटफूट कर रोलो
सोचा था अैसी होगी मेरी ये जिन्दगी
सोचा था वैसी होगी मेरी ये जिन्दगी
लेकीन बडे ख्वाब दीखलाती ये जिन्दगी
अौर ख्वाब तोडती भी ये जिन्दगी
माँबाप की छाया मे है मेरी ये जिन्दगी
कैसी अनोखी माया मे है मेरी ये जिन्दगी



## કશું લખાતું નથી.......

હમણાં કશું લખાતું નથી એવું કેમ છે ?
ખુદને મળી શકાતું નથી એવું કેમ છે ?
ઝાકળની જેમ ક્ષણમાં ઉડી જઈશ હું છતા
એ ફૂલને અડાતું નથી એવું કેમ છે ?
રાખી શકું છું સૂર્યમુખી જેવી દૂરતા
ને તો ય ત્યાં ટકાતું નથી એવું કેમ છે ?
એની નજીક વર્ષો લગોલગ રહીને પણ
અંતર હજુ મપાતું નથી એવું કેમ છે ?
પાણીની જેમ સરકી જવું છે,ખબર છતાં
એની ગલી વળાતું નથી એવું કેમ છે ?
બસ આંસુ આંખમાંથી વહેતા મૂકી શકું
ના પૂછ કે હસાતું નથી એવું કેમ છે ?

- રાઠોડ સુભાષ એમ.



## મારી દિન ચર્યા.

આ વર્ષ પુરૂ થતાં માનવતાના પાયાના
ગુણોને અનુસરવાનો નિશ્ચય કરીએ.
દરરોજ ભૂલો કર્યા અને માગ્યા પછી
અમુક લોકો ન ભુલ્યા હોય તેની આ
વર્ષે હદય અને મકકમતાથી ક્ષમા માંગીએ.
હુ ગુણોથી વડીલ થઈશ ઉંમરથી નહી.
આપણા દોષો છુપાવવા, બીની નીદા
કરવાના પાપથી દુર રહીશ.
લોકોને આપેલી મદદને વધુ પડતી નહી
બતાવવા તે લોકોને સ્વમાનથી જીવવા દઈશ.
જે ઉંમર અને ગુણમાં નાના છે તેને
ખરા હદયથી ક્ષમા આપીશ.
જે ઉંમર અને ગુણમાં મોટા છે તેનો આદર
કરી ખરા હદયથી ક્ષમા માંગુ છું.
લોકોના હકો છીનવી લેવા એ સંપતિનું પાપ
છુ આવા પાપથી દુર રહીશ.
ઘરમાં અને કામના સ્થળે લોકો સાથે હંમેશા
સંપથી રહીશ.
માફી માંગતી વખતે હદયથી નમીશ.
મા-બાપ અને સાસુ-સસરાની હું સેવા કરીશ.
સાસુ-સસરા તો પ્રેમના ભુખ્યા છે પૈસાથી
તો સારા નોકર પણ મળી રહે છે.
આવા ઉમદાગુણોનું પાલન કરીને હુ એક
સારો સમાજ રચવાનો પ્રયત્ન કરીશ.

આમ કરવાથી મારૂ અને મારા પરીવારનું
કલ્યાણ થશે.

- સંચાણીયા ઉષા એમ.





# દયા





## કોક કહે તો...

કોક કહે તો આમ જાઉ છું
કોક કહે તો તેમ જાઉ છું
ખબર નહિ કયાં જાઉ છું
દિલ અને મન માં ફસાઈ જાઉ છું
તેમ છતાંય જીવી જાઉ છું
ખબર છે આગળ કાદવ છે
છતાય ચાલ્યો જાઉ છું
કોક કહ તો.....
સપના તો તુટયા છે પણ
સાંધતો જાવ છું
યાદ ને હોતુ નથી વજન
તો પણ ખસેડતો જાઉ છું
અપેક્ષાઓ તુટે છે પણ
તેમ છતાય હસી જાઉ છું
કોક કહે તો.....

-વત્સલ પી. ગોહેલ



## ગાબુ અશોક

પાર્થ ની પહેલા આપણે લ્યો બાણ
શહીદોની જેમ આપણે ચ દયો પ્રાણ
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ
પછી પાથ ને ચ કયો ચઢાવે બાણ
કથની કરણી શુદ્ધ,તો જ કલ્યાણ
શહીદ ફંડ માં પહેલા આપો અનુદાન
સંભાળી લ્યો શહીદો નાં પરીવાર
ચીન પણ સાથે છે. નથી ખાલી પાકિસ્તાન
ચીનની વસ્તુઓ નો ચ કરો બહિષ્કાર
સ્વદેશી સામાન. સ્વદેશ નું વધારીએ માન
આર્મી માં ભરતી કરાવીએ સંતાન
બનજો શિવાજી, બનજો કલામ
એ જ સાચી શ્રદ્ધાંજલી, સાચા વખાણ
પાર્થ ની સાથે આપણે ચ લ્યો બાણ



અશ્રુ બની આંખ થી સરી ગયો તું
જિંદગીને દૂર કરી મોતને નોતરી ગયો તુ.
હતો સુરજ ચમકતો અમ સંસારનો તં,
અંધારે મૂકી એકલો આથમી ગયો તું
હતો વિશ્વાસ જીવથી જાજો તારા ઉપર,
પછાટ દઈ અમને એકદમ છેતરી ગયો તું
ફૂલ સરીખી જિંદગી સુવાસ પાથરી ચાલયો,
ભવોભવ થી દૂર કરી કરમાય ગયો તું
લીધી તે વિદાય સદાને અમારાથી આજ,
પળભર હસતા રાખી સદાને રિસાય ગયો તું

– મૂછાળ રાજેશ



## રહી ગયુ...

ખુદની સાથે મળવાનું રહી ગયુ,
ભીતર તરફ વળવાનું રહી ગયું ૧૧

ટીકા કરતા રહયા હંમેશા અન્યની,
અને ખુદને પરખવાનું રહી ગયું
દુરના સંબંધોમાં વ્યસ્ત રહયા સદા,
નિકટના સાથે ભળવાનું રહી ગયું ૧૧

ઝપાટાભેર વહી રહી આ જિંદગી
અને સાલું..
આ જીવવાનું તો રહી ગયું૧૧

-વુંદા રોજાસરા


With Best Compliments from
VIDYANIKETAN
VIDYANIKETAN
VN
GOVT. RECOGNISED ENGLISH MEDIUM SCHOOL
Patidar Chowk, B/H. Nakshatra-5, Opp. Palm City, Sadhu Vaswani Road, Rajkot
Website : www.vidyaniketan.in | Contact No. 0281-2581616



# अहिंसा





## કટારા કાજલ

मेरी हर शैतानी की तु है भागीदार ,
मेरी बहना तेरे कारण मैं हूं तुझसे भी नसीबदार।
बचपन से उसकी हर चीज मुझ से बांटनेवाली ,
पापा की डांट फटकार पर मेरी तरफदारी करनेवाली।
यूं ही तेरा मेरा साथ चलता रहे ,
मैं चिढ़ाता रहुं और तु चिढ़ती रहे।
दुनिया में मेरी दोस्त हो सबसे पहली ,
मेरे लिए तुने हर डांट है सहली।
तु कोई गुड़िया सी मेरे खुदा का तोहफा हैं
तु मेरी ज़िन्दगी में खुशियों का झोका हैं।
बिना बोले मेरा हाल कैसे जान लेती हैं ,
ठंडा खुद खाके गर्म रोटी ही क्यों देती हैं।
ए खुदा तूने यह कैसी रहमत बरसाई ,
भेजी हैं तुने मेरी मा की हूबहू परछाई।
तेरी हरख्वाहिश हो पूरी और तेरी बरकतर हैं ,
खुदा करे मेरी बहना हमेशा खुश रहें।



## શિક્ષકની અંતઃસ્ફુરણા

હું એક શિક્ષક છું શિક્ષકને કદી નમાલો ગણતા નહી,
હું સમાજનું ધબકતું હૃદય,મારા સ્થાનને હણતા નહી,

મે કલાકો ગળા ઘસડીને વર્ગખંડને મહેકાવ્યો છે,
મે કળીઓને ફુલ બનાવી બાગમાં મહેકાવી છે,
મે વાવી છે શિસ્ત,સભ્યતા હવે આ મોસમ લણતા નહી,
હું એક શિક્ષક છુંશિક્ષકને કદી નમાલો ગણતા નહિ,

આદર્શોના ઈંધણ રાખી સંસ્કારો રાંધ્યા છે,
ડોક્ટરો,વકીલો,અને ઈન્સપેક્ટરને મે પાયેથી બાંધ્યા છે,
પાંચ પથ્થર લઈ જુજ ઈમારત ચણતાં નહી,
હું એક શિક્ષક છું શિક્ષકને કદી નમાલો ગણતા નહિ,

હા હું હકથી, વટથી કહુ છું કે સમાજ મારો ઋણી છે,
વેતન લઈને વતન સાચવુ તોય વાત અણસુણી છે,
આદર ના આપો તો માફી, આરોપોમાં બણબણતા નહી,
હું એક શિક્ષક છું શિક્ષકને કદી નમાલો ગણતા નહી.





## સાથ
- જાંબુકિયા પૂજા

એકાંતમાં  મસ્ત રહેવું મસ્ત છે
પરંતુ સૌની સાથે હળીમળીને
રહેવું જબરજસ્તછે...
એકમાં એક ઉમેરાય તો બે થવાય
પરંતુ એક માંથી એક જાય તો
એકલા પડી જવાય...
જીવી શકાય છે એકલા પણ જીંદગી
પણ જીંદગી માણવા માટે સાથ જરૂરી છે...
એકલા ચાલવું અશક્ય તો નથી
પરંતુ સૌની સાથે ચાલવું જરૂરી છે...
કરવું પડે છે એડજસ્ટમેન્ટ,કોમ્પોમાઈઝ
સેક્રિફ્રાઈસ સાથે રહેવામાં
પણ એજ કામ આવે છે દુઃખોની પળોમાં





# બંધુત્વ





બી.એડ્ ભૂલાય કયાનું ?
ભૂલવા મને કહો છો ?
આ બી.એડ્ ભૂલાય કયાનું ?
એડમીશનના એ દિવસની
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભૂલાય કયાંની
પ્રથમ માઈક્રોપાઠનું એ
વિષયાભિમુખ ભુલાય કયાનું ?
પરિચય પ્રવાસની એ
ગમ્મત ભૂલાય કયાની ?
વાર્ષિકપાઠ તણા દિવસોના એ
ઉજાગરા ભૂલાય કયાના ?
ઈન્ટર્નશિપના દિવસોના એ
અનુભવ ભૂલાય કયાના ?
બી.એડ્નો એ પ્રવેશોત્સવ
આજે વિદાય સમારંભ થઈને ઉભો રહ્યો.
કોલેજની મીઠી એ યાદો ભૂલાય કયાની ?

હેરમા પ્રિયા



If I die in war zone box me up
And send me home.
Put my medals on my chest ,tell
My mom I did not to bow ,he
Won't get tension from me now.
Tell my bro to study
Perfectly, key of my bike will
Be his permanently.
Tell my sister not to be
Upset, her bro will take a long
Sleep after sunset.
Tell my nation not to cey,
"Because I'm a soldier born to die."

-Heerani Geeta



-Joshi
Daxa

BYE -Be with You Everytime.

TEA-Test and Energy Admitted.

EAT-Energy and Test.

Chess-Chariot , Horse, Elephant, Soldiers.

OK-Objection Killed.

SMILE-Sweet Memories In Lips Expression.

DATE-Day And Time Evolution.

NEWS PAPER-North East West South
Past And Present Events Report.

અર્જુનભાઈ
Mo.99139 49134

ભરતભાઈ
Mo.99259 20038

શ્રી

# મુરલીધર ડેરી ફાર્મ

પહેલા ટેસ્ટ કરો પછી વિશ્વાસ કરો

## ગાય / ભેંસનું ચોખ્ખુ દુધ

૧ લીટર રૂા. 40/ 50

ઘી ૧ કિલો રૂા. 600/-

૧૦૦% શુધ્ધ

સવાર–સાંજ
ફ્રી હોમ ડીલેવરી

* દુધ કે ઘી માં ભેળસેળ બતાવનારને ૧ મહિનો દુધ ફ્રી આપવામાં આવશે.

## શીખંડ





| | | | |
|---|---|---|---|
| સાદો શીખંડ | 200/- | કેશર શીખંડ | 230/- |
| ફ્રુટ શીખંડ | 210/- | રાજભોગ શીખંડ | 240/- |
| મેંગો શીખંડ | 220/- | રજવાડી શીખંડ | 250/- |

...શુભેચ્છક...
શ્રી મુરલીધર વિદ્યાલય -મોરબી રોડ, રાજકોટ.
શ્રી મુરલીધર સ્ટેશનરી & ઝેરોક્ષ -મોરબી રોડ, રાજકોટ.

:: સ્થળ ::

જય જવાન મેઈન રોડ, જકાત નાકા સામે, મોરબી રોડ, રાજકોટ.





## હા હુ એક શિક્ષક છુ

બાદશાહ ભલેબીરાજતો ઉચ્ચ સિંહાસનેલ
હું તો બાળ હૃદયાસને બીરાજતો શહેનશાહ
છુંઈ હા હું એક શિક્ષક છું.
છળલ પ્રપંચ ને દાવપેચ સાથે કામ કરવું
પડે લોકોનેલ મારુ કામ નિર્દોષ હાસ્ય સાથેલ
અહા કેવો ભાગ્યશાળી હું શિક્ષક છું.
CRC,BBC,SMC અને બીજા ઘણાય સિંહ
બધા સાથે કુનેહપુર્વક કાર્ય કરતો
એવો હું શિક્ષક છું...
વસ્તી ગણતરીલ ચૂંટણી કે હોય ભલે
ગુણોત્સવ બધાને હિંમતભેર પાર કરતોલ
સક્ષમ હું શિક્ષક છું...
વર્ગમાં મહાલું તો વનરાજથી ઓછો નહી
પણ હૈયે હેત જનની સરીખોલ
એટલે જ માસ્તર કહેવાતો હું શિક્ષક છું...
ભારતનું ભાવિ ઘડાય વર્ગખંડી માં.
એભાવિનો હું ઘડવૈયો છુંલ
તેથી ગર્વ થી કહું છું કે હું એક શિક્ષક છું.
-જોષી ક્રીષના ડી.



## कौन कहता है......

कौन कहता है अकेले जिंदगी नहीं गुजरती
मैने चांद को तन्हा दे खाहे सितारों के बीच में
कौन कहता है गममें मुस्कुराया नहीं जाता
मैने फूलों को हंसते देखा है कांटो के बीच में
कौन कहता है पत्थरों को एहसास नहीं होता
मैने पर्वतों को रोते देखा है झरने के रूप में
कौन कहता है दलदल में जाकर सब गंदे हो जाते है
मैने कमल को खिलते देखा है कि चड के बीच में
कौन कहता है दूसरे की आग जला देती है
मैने सूरज को जलते देखा है खुद की आग में
कौन कहता है जिम्मेदारी निभाना आसान नहीं होता
मैने प्यार से सबका बोझ उठाते देखा है
धरतीमाता के रूपमें।

-जोशीमितल



## દ્રૌપદી

સમગ્ર મહાભારતની ગાથામાં હું કેન્દ્રીત સ્ત્રીપાત્ર છું
હું અપમાનની આગમાં બળતી યુદ્ધ માટે પાંડવોના
પૌરૂષત્વને લલકારતી પાંચ પતિઓને ચાહતી, કૌરવકુળનો નાશ
કરવાની પણ પ્રતિજ્ઞા લેતી, અસાધારણ નારી પ્રતિભાના અંશો
વચ્ચે, પ્રેમ, ઈર્ષ્યા, વેર, પ્રતિશોધ ના સાધારણ સ્ત્રીસહજ ભાવોને
ધરબી બેઠેલી હું, અગ્નિપુત્રી, યાજ્ઞસેતી, પાંડવપત્ની, પાંચાલી,
શ્રીકૃષ્ણસખી, મહાભારતના પન્નાઓમાં વિરાટ અને જટિલ પાત્ર
બનીને સમાયેલી હા હું દ્રૌપદી.

# આવકાર





## સાચો શિક્ષક

એક ગામ હતું.તેમાં એક ગરીબ પરિવાર રહેતું હતું.જેમાં પતિ-પત્ની અને પાંચ વર્ષનો બાળક એમ માત્ર ત્રણ સભ્યો હતા.તેમની પાસે પોતાના બાળકને શિક્ષણ આપવાની ક્ષમતા ન હતી.આ ઉપરાંત તેઓ ઘણા દેવામાંથી ગુજરતા હતા.ખુબ જ કંટાળીને બને મૃત્યુને ભેટી લે છે અને એમનું ફુલ જેવું માસુમ બાળક આ દુનિયામાં એકલું રહી જાય છે.આખા ગામમાં આ વાતની જાણ થાય છે.ગામની શાળાના એક શિક્ષકના કાને આ વાત પહોંચે છે અને તે શિક્ષકનું હૃદય દ્રવી ઉઠે છે અને આ બાળકને પોતાના ઘરે લાવે છે.આ બાળકને પોતાના ખર્ચે ભણાવવાની જવાબદારી લે છે.બાળકને આ દુનિયાથી પરિચિત કરાવે છે.તેને આ દુનિયામાં જીવતા શીખવે છે.આ ગામમાં ઉચ્ચતર અભ્યાસની સુવિધા ન હોવાથી તે બાળકને મોટા શહેરમાં અભ્યાસ માટે મોકલે છે.ત્યાર પછીનો સંપુર્ણ અભ્યાસ તે મોટા શહેરમાં પુર્ણ કરે છે. અભ્યાસની સાથે સાથે પોતાનું ગુજરાન ચલાવવા નોકરી પણ કરતો હોય છે.આ દરમ્યાન તેના સંપર્કમાં અમુક એવા લોકો આવે છે કે જેનાથી તેના વર્તનમાં પરિવર્તન આવે છે.તે પોતે સ્વાર્થી,લોભી અને ધીમે ધીમે કપટી બનતો જાય છે અને ધીરે ધીરે પોતાના માં-બાપરૂપી શિક્ષક કે જેના કારણે તે આટલો આગળ વધી શકયો,જયારે આખી દુનિયામાં કોઈ ન હતું ત્યારે એ શિક્ષકે સાથ સહકાર આપ્યો,શિક્ષણ આપ્યું,તેને એક નવું જીવન આપ્યું એવા એના જીવનદાતા ભૂલી જાય છે.

મોટા શહેરમાં આવીને તેની ઝગમગ અને ચહેલપહેલમાં એટલો વ્યસ્ત થઈ જાય છે કે તે પોતાનું અસ્તિત્વ ગુમાવી દે છે અને તેના શિક્ષકને સાવ ભૂલી જાય છે.તે એક શહેરી છોકરી સાથે કોર્ટલગ્ન કરી છે.તેમના લગ્નજીવનનો સમય પસાર થાય છે.થોડાક જ વર્ષમાં તેની પત્નીનું ગંભીર બીમારીના કારણે મૃત્યું થાય છે.પોતે ફરી એક વાર આ દુનિયામાં સાવ એકલો પડી જાય છે.આ વાતની પેલા ગામમાં રહેતા શિક્ષકને ખબર પડે છે અને ફરી એક વાર એ માસુમ બાળકનો ચહેરો આંખ સામે છે જેનું દુનિયામાં કોઈ ન હતું.તે ફરી પેલા એકલવાયા બાળકને સહારો આપવા દોડી જાય છે.શિક્ષક ત્યાં જઈને જુએ છે તો તેના ઘરે તે બાળક પોતે અને તેની પત્નીનો દેહ અને અંતિમસંસ્કાર માટે વિધિ કરતાં પંડિત હતા.આટલા મોટા શહેરમાં આટલા વર્ષોથી રહેવા છતાં તેના આ દુખી સમયમાં કોઈ પણ તેની સાથે ન હતું.

શિક્ષક તેની પાસે જાય છે અને ખુબ જ પ્રેમથી અને લાગણીથી તેના માથા પર હાથ ફેરવે છે.છોકરો માથું ઊંચુ કરે છે અને તે પળ માટે આશ્ચર્ય થાય છે અને બીજી જ ક્ષણે તે શિક્ષકને ભેટીને નિર્દોષ નાના બાળકની જેમ પોક મુકી રડવા લાગે છે.

આમ,જયારે કોઈપણ એ નાના બાળકની સાથે ન હતું ત્યારે તે શિક્ષક તેની સાથે હતો.જે શિક્ષક કોઈ પણ ઊંચ-નીચ,નાનો-મોટો કોઈ પણ પ્રકારનો ભેદ રાખ્યા વિના જે શિક્ષક પોતાનું જ બાળક સમજે અને તેને યોગ્ય દિશા બતાવે એ જ સાચો શિક્ષક.અંગ્રેજીમાં એક કહેવત છે The Teacher is like the candle which lights other in Consuming itself.અર્થાત શિક્ષક પોતે સળગી બીજાને પ્રકાશ આપે તેવી મીણબત્તી જેવો છે.જે શિક્ષક અજ્ઞાનતાના અંધારા ઉલેચી જ્ઞાનરૂપી જયોત પ્રગટાવે એ જ ખરા અર્થમાં સાચો શિક્ષક અર્થાત પુસ્તકોના પાઠ સાથે જીવનરૂપી પાઠો પણ ભણાવે એ જ સાચો શિક્ષક.

રાણેવાડિયા શિવાની બી.



# સન્માન





## કોલેજ ગીત

સોરઠની એ શાન છે,કુંડલિયા કોલેજ
કલા,જ્ઞાન અને વિજ્ઞાન છે,કુંડલિયા કોલેજ
રાજકોટનું ગૌરવ અને માન છે,કુંડલિયા કોલેજ
સંસ્કૃતિ અને સંસ્કાર છે,કુંડલિયા કોલેજ
વિધાનીવાગઝાર છે,કુંડલિયા કોલેજ
આભને આબતા મિનારા છે,કુંડલિયા કોલેજ
જગમગ જયોતિનાસિતારા છે,કુંડલિયા કોલેજ
સદગુણોની સરિતા છે,કુંડલિયા કોલેજ
કવિઓનીકવિતાછે,કુંડલિયા કોલેજ
ઉજ્જવળ ભવિષ્યનું ભણતર છે,કુંડલિયા કોલેજ
શિક્ષણનો ભંડાર છે,કુંડલિયા 'કોલેજ
ગુરૂઓનો સત્કાર છે,કુંડલિયા કોલેજ
એવી મારી વિધાપીઠને નમન વારંવાર.

– દવે પુજા



## એ દોસ્ત

જીદગીની આ ભાગદોડમાં હુ તને,
યાદ કરવાનું ભુલી જાવ તો તુ ફોન કરી લેજે.
કદાચ તારા બર્થડે પર વિસ કરતા ભુલી જાવ,
તો પણ તુ મને કેક ખવડાવવા આવી જજે.
ભલે ગમે એટલા દુર હોઈએ આપણે,
પણ વર્ષ માં એક દીવસ તો તૂ મને મળવા આવી જજે
જયારે પણ તુ મુસીબત માં હોઈ ત્યારે બસ,
એક મેસેજ કરી આ દોસ્ત ને બોલાવી લેજે.
સ્થિતી ભલેને ગમે તેટલી બદલાય જીદગીમાં,
તો પણ તારા માટે આ દિલમાં એજ જ સ્થિતી
રહેશે એ તુ પાકુ કરી લેજે.
ગમે તેવી ભુલો થઈ જાઈ મારાથી,
થપ્પડ મારીને પણ માફ કરી જજે.



But you didn't
I borrowed your brand
new car and I dented it.
I thought you had killed me,
But you didn't.
And I remember the time
Draggd you to the beach
And you said it would rain,
And it did...!!
I thought you had said...
"I told you so...
But you didn't.
Do you remember?
The time I friend with all
The guys to make you
Jealous and you were?
I thought you had leave me,
But you didn't.
And remember I the time
I forgot to tell you the
dance was farmal and
you shared up in jeans?
I thought you had drop
Me, but you didn't
Yes,there were late of
Things you didn't do,
But you put up with me,
And you loved me,and
Protected me.
There were last of things
I wanted to make up to
You when you returned Form
But You Didn't Come........

## "બેટી થાશે બાપથી દુર"...



જેદી આંગણ મારે વાગશે બેટા ! તારી શરણાયુંના સુર.
તેદી કાળજ મારા કાંપશે , કે બેટી ! હવે થશે બાપથી દુર.
કે બેટી હવે થશે બાપથી દુર...
નાનકડી ને નખરાળી , વળી રોજ ખેલે બાપને ખોળે,
પણ જોત જોતામાં જોબન આવ્યું હવે બાપ થશે મજબુર.
કે બેટી હવે થશે બાપથી દુર...
દીકરી દવા છે સઘળા દર્દની હવે આતમને સમજાણું ,
આયખું મારુ હવે થાશે નિમાણુ,કેવો આ દુનિયા નો દસ્તુર.
કે બેટી થશે બાપથી દુર...
લાડકડી તો લાજ છે મારી ,વળી મારા પ્રાણ કરતા પણ પ્યારી
પાંપણ પાણી મેં પડતા દીઠયા, જુએ બાપનું દરદ જરૂર
કે બેટી થશે બાપથી દુર...
"હમરાહી "હવે હામ ન હારો , પ્રભુએ આપ્યો છે તુલસીકયારો
પાણી એને પ્રેમના પાઓ , દીકરી થાયે ના દિલથી કદી દૂર...
કે બેટી થશે બાપથી દુર...

**શાંતિલાલ એન. ચાનપુરા**
**("હમરાહી")**



"ચડેલ હોય ચિત્ત જેદી ચાકડે, અને મન ભીતર મુંજાય .
તેદી દુ:ખ બધા દિલના "શાંતિ"કોઈ સદગુરૂ ને શરણ ધરાય.

આંસુ તણો કરી અભિષેક બેટા ! તને છાતી સરખી ચાંપુ,
જીવતર હવે કેમ જીવાશે, અને કાઢીશ કેમ આયખું આખું.
બેટા બેટા કહી બોલાવું,મને ભણકારા હવે તારા ભાસે,

હવે ઘડી બે ઘડી માં તો ઉડી જાશે પારવેડી ને આવી ગઈ પાંખું
આસું તણો કરી અભિષેક......
દુનિયા ના દસ્તુર ને આધીન એક મજબુર બાપ......

"કિધેલ હોય કડવાં વેણ કોઈને તેદી રાતે મન રંજાડશે
પછી નીદર પણ વેરણ બની "શાંતિ" તને સંતાપશે"
જય હો સંતવાણી.......

સંભારણા સખા તણા હવે વ્હાલથી હું વાગોળું છું.
ભેરૂ સૌ ભૂલી ગયા હવે એની યાદમાં સમય ગાળું છું.



**શાંતિલાલ એન. ચાનપુરા ("હમરાહી")**
**નશાબંધી સંયોજકશ્રી,**
**રાજકોટ.**





Our Brothers we Shall Defend
To those whom I've fought with
and to those I don't know your name,
we fought by one another.
You did not die in vain.
We fought, you died,
we bled, and I cried,
Even until our untimely end,
our country, our families, our brothers,
we shall defend.

-JETHAVA TANVI



## દિકરી

માતાની મિત્ર છે દિકરી,
પિતાનો પ્રેમ છે દિકરી,
દાદાની લાડકી છે દિકરી,
સબંધની સરિતા છે દિકરી,
પ્રેમનો પ્રવાહ છે દિકરી,
કુટુંબનો કિલકાર છે દિકરી,
વાત્સલ્યનો રણકાર છે દિકરી,
મર્યાદાની મુરત છે દિકરી,
સંસ્કારોની સુરત છે દિકરી,
બલિદાનની પરાકાષ્ટા છે દિકરી,
પુણ્યનો પ્રભાવ છે દિકરી,
કળયુગમાં સતયુગ છે દિકરી,
પરિવારનો પરિચય છે દિકરી,
પવિત્રતાની પ્રતિમા છે દિકરી,
આવતી પેઢીની ''માં''છે દિકરી.

– લાવડિયા વિક્રમ



## मै सोचूँ....

मै सोचूँकी मै हो जाऊं दूर सबसे,
पर खुद से दूर कया हो पाऊँगी कभी?
माँ का आँचल, पिता की ऊंगली,
बहन का दामन, भूल पाऊँगी कभी?
मै सोचूँमै हूँ जो तेरी
तो तुजसे दूर भला हो पाऊँगी कभी ?
मै सोचूँ तू हैं ममता की मुरत,
तु है मेरे कोमल भावो की सूरत,
तु जो साथ है तो पूरा जग मुस्काये
तु ना साथ हो तो काली घटा सी छा जाये...
मै सोचूँ पढ लिख के बडी बनूँगी,
पिता परीवार का नाम रोशन करूँगी...
मै सोचूँ मुझे जीना और जितना भी है,
तो कया खुद को खुद से जीत पाऊंगी कभी ?
मै सोचूँ की मै तो हूँ मेरी ही फेवरिट,
तो भला खुद से ही बोर हो पाऊँगी कभी ?
मै सोचूँ मै टीचर बन के
बदलूँगी मै सौच सभी की,
पर कैया घरवालो की सोच बदल पाऊँगी कभी ?
मै सोचूँ जो तु जो हो साथ जीवनभर,
बदल पाऊँगी भाग्य की रेखाऐं सभी...
मै सोचूँ मै हूँ जो तेरी ।।।।

-महेता हरिप्रिया

# ધર્મ





TEACHERS

The mission of a teacher
Evolving,is never over...
As we harken to answer
Calls that build character
Helping hearts discover
Every hope life has to offer
Rousing within,a winner
Stronger to face the future.
-Vaghani Jyoti



બીજું કશું કહેવું નથી....

તુજ વિના રહેવું નથી,
બીજું કશું કહેવું નથી....

કલ્પન સુધી તારો પડછાયો,
આત્મા સુધી તું  જ મહેકાયો,
છતાં હજુંય તું ના સમજ્યો,
બીજું કશું કહેવું નથી....

મારું ક્યાં કશું છે જ,
કે ગુમાવી દઉં હું....

તારું  જ  છે  બધું,
તુજ પર લૂંટાવી દઉં હું....

એક વાર કહે તું તો,
ખુદને મીટાવી દઉં હું....

બીજું કશું કહેવું નથી....
તુજ વિના રહેવું નથી....

- પરાગ પરમાર



પ્રકૃતિ

સુર્યોદય પહેલા વ્યોમ સૂણું:)
પ્રકૃતિ સૂનસાન અંધાર મહી
માનવ,પ્રાણી પોતપોતણુ લીધુ કામઈ
જીવ હજારો પૃથવી મહી અથડાય
પક્ષી ફરફરે નભ ઉચે જહી.
કયાય તાગ ન દેખાય તેને.
માનવફરફરે ધરતી પર
તેને છેડો ન દેખાયપૃથવીમા
ઈશ્રર તણી આ તેમની સૃષ્ટિ.
ઈશ્રર તણી આ તેમની સૃષ્ટિ.
છતાં ખોટ ન દેખાય એક અંગની
-તુંબડા હર્ષિતા



હે ઈશ્વર

હે ઈશ્વરતને હું સર્વત્ર નિહાળુ છું.
તું કયા નથી ! તુ તો કણ કણમાં વસેલો છે.
હે ઈશ્વર તને હું ચંદ્રમાં નિહાળુ છું.
તું ભકતોને ભકિતરૂપી શીતળતા આપનારો છે.
હે ઈશ્વર તને હું સુર્યમાં નિહાળુ છું.
તું દરેક જીવોનો પાલનહાર કરતા જોવ છું.
હે ઈશ્વર તને હું અગ્નિમાં અનુભવું છું.
તું દુર્ગુણરૂપી રહેલા કર્મને બાળનારો છે.
હે ઈશ્વર તને હું દરેક ઘરમાં વસતોજોવ છું.
તું દરેકના ઘરમાં માતાપિતા તરીકે જોવા મળ્યો છે.
- પ્રવિણ પરમાર

# શ્રીમતિ જે. જે. કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ



ચિ.ભવિતાના જીવન ઘડતરમાં...
તેમાં શિક્ષકત્વ પ્રગટાવવામાં...
સમગ્ર જે. જે. કે. પરિવાર માટે આનંદ , સંતોષ અને
ગૌરવની લાગણી સહ...

અસ્મદિયમ્ -૨૦૧૯ અંકના પ્રકાશન માટે શુભેચ્છાસહ...

## રામદેવ લેબ

જાદવભાઇ પ્રેમજીભાઇ માવાણી
તથા
સમગ્ર માવાણી પરિવાર


**Jagdish B. Patel**
*Mo.9825728188*

**Rohit R. Patel**
*Mo.9510599822*

Email:galaxylm10@gmail.com

GALAXY
LASER MARKING

LASER MARKING ON ANY HARD MATERIAL

Vanijya Bhavan, Shop No.107, Kishan Gate, Kalavad Road,
Metoda G.I.D.C. - 360021. Dist. Rajkot (Gujarat)

\\ LASER MARKING ON //

AUTOMOBILES PARTS, ORTHO IMPLANTS, TOOLS,
IMITATION, JEWELERY ITEM, KITCHEN WARE'S ITEM,
BEARING AND ENGRAVING
LOGO & DESIGN ON ANY METAL LIKE...
STAINLESS STEEL, BRASS, COPPER,
GOLD, SILVER, ALUMINIUM, TITANIUM, CHROMIUM ETC...







## Great Mathematical Quotes

"An equation means nothing to me unless it expresses a thought of God."
-SrinivasaRamanujan

"Without mathematics, there's nothing you can do. Everything around you is mathematics. Everything around you is numbers." - Shakuntala Devi

"Do not worry about your difficulties in Mathematics. I can assure you mine are still greater." -Albert Einstein.

"Mathematics is a game played according to certain rules with meaningless marks on paper. -David Hilbert

"Mathematics is concerned only with the enumeration and comparison of relations." -Carl Friedrich Gauss

"Mathematics is the queen of science." -Carl Friedrich Gauss

"Mathematics is the language with which God wrote the universe."-Galileo

"The book of nature is written in the language of Mathematic" -Galileo

"Wherever there is number, there is beauty." -Proclus

"Pure mathematics is, in its way, the poetry of logical ideas." -Albert Einstein

"Where there is matter, there is geometry." -Johannes Kepler:

"Perfect numbers like perfect men are very rare." -Rene Descartes

"The knowledge of which geometry aims is the knowledge of the eternal." -Plato

"You know we all became mathematicians for the same reason: we were lazy." - Max Rosenlicht

"Life is good for only two things, discovering mathematics and teaching mathematics." -Simeon Poisson

Compilator:-Indrajit Herma



## ખબર ન પડી !

રસ્તો બનતો ગયો ખબર ન પડી !
મમ્મી રસ્તો બનાવતા ગયા ખબર ન પડી !
ભાઈ રસ્તાનો કચરો સાફ કરતો ગયો ખબર ન પડી !
પપ્પા રસ્તો બતાવતા ગયા ખબર ન પડી !
કેટલી મંઝિલ પામતા ગયા ખબર ન પડી !
ઈશ્વરે ક્યારે પાંખ આપી ખબર ન પડી !
ઉડતા ક્યારે શીખવાડી ગયાખબર ન પડી !
ખબર ન પડી ક્યારે કેટલી ખબર ન પડી !

– તરાલ મિનાક્ષી





## જીવી જાય છે.....

નદી ની આ સતત વહેવાની ઘટના,
હંમેશા આશ્ચર્ય પમાડે છે.
જેને સંધ્યા ડુબાડી દે છે,
તે સૂર્ય પાછો સવારે ઉગી જાય છે.
આ ચંદ્ર પણ અમાસની ચિંતા કર્યા વગર,
દિવસે દિવસે વધતો જાય છે.
એટલા મોટા ગગનમાં ઉડતા પતંગિયાને જોઈને,
મને પણ ઉડવાનું મન થાય છે.
રાત્રે બીડાયેલી કળી પણ
સવારે તો ખીલી જાય જ છે.
આ પવન પણ સતત વહેતો રહીને
કાનમાં કંઈક કહી જાય છે.
સાચું કહું તો આ પ્રકૃતિએ,
જીવનની દરેક બાબત શિખવાડી જાય છે.
બસ મોટા ભાગના તેને જુએ છે,
અને બહુ ઓછા તેને જીવી જાય છે......

– ડોડીયા મીના



## "I am unique"

I come with no wrapping or pretty pink bows.
I m who I am, form my head to my toes.
I tend to get loud when speaking my mind.
Even a little crazy some of the time,
I'm not a size 5 and I don't care be me.
You can be you and I can be me.
I try to stay strong when pain knocks me down.
And the times that I cry are when no
one's around.
To error is human or so that's what they say.
Well, tell me who's perfect anyway.

-Akbari Vrunda.



## કંઈ ખબર જ ના રહી૧

હજુ તો શરૂ થઈ હતી બી.એડ.ની આ સફર,
આજે કયારે પૂરી થવા આવી કંઈ ખબર જ ના રહી૧
આવ્યા હતા કોરી પાટી સમાન,આજેગુરુજનોના આશિર્વાદથી
જે.જે.કે.ના વિદ્યાર્થી તરીકેની ઓળખ મળી કંઈ ખબર જ ના રહી૧
પ્રશિક્ષાર્થી બનીને ચડયા હતા પહેલુ પગથિયું,
આજે એક શિક્ષક બનવા આવ્યા કંઈ ખબર જ ના રહી૧
જૂના મિત્રો કેમ ભૂલાશે, એ વિચારમાં જ
અહી આટલા અંગત મિત્રો મળી ગયા કંઈ ખબર જ ના રહી૧
સાથે ભણ્યા,સાથે શીખ્યા,સાથે બધા દિવસો ઉજવ્યા,
આજે દિક્ષાંતની ઉજવણી પણ આવી ગઈ કંઈ ખબર જ ના રહી૧
ઓળખાણ કયાં હતી આપણા કોઈની અહીયા,
લાગણીના તાંતણે બંધાતા ગયા કંઈ ખબર જ ના રહી૧
ખરેખર, જે.જે.કે.ના બી.એડ.ની આ સફરથી,
કયારે આટલી લાગણી બંધાઈ ગઈ કંઈ ખબર જ ના રહી૧

-ડાંગર પરિતા કે

Rajendra Nagvadia - 99243 43586
Dinesh Nagvadia - 98251 62183
Vijay Nagvadia - 98248 90586



***HIGHLIGHTER***
***VITROSA BORDER***
***24X24 GALICHA TILES***
***GOD PICTURE TILES &***
***ALL TYPE OF CERAMIC DECORATOR***

**CITY CERAMIC**
**DECORATOR**

*8A- National Highway, Old Ghuntu Road, Near Sona Sanitaryware, MORBI-2*




યાત્રા પ્રવાસ, ફેમીલી તથા ગ્રુપ ટુર, સ્કુલ પ્રવાસમાં જમવા-રહેવા સહીત આયોજન કરી અપાશે.
લગ્ન પ્રસંગે, નાની-મોટી એ.સી. તેમજ નોન એ.સી. ૧×૨, ૨×૨ તેમજ સ્લીપર લક્ઝરી બસ ભાડે મળશે.

**અક્ષર એપાર્ટમેન્ટ, પહેલો માળ, ટાટા ગણેશ શો-રૂમની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. ફોનઃ ૦૨૮૧-૨૫૭૧૬૧૩**
શૈલેષભાઇ પટેલ : ૯૮૨૪૨ ૨૮૬૧૩. ૯૪૨૭૭ ૨૮૫૧૩. ૮૦૦૦૦ ૧૩૦૧૩ ઉકાભાઇ ડી. પટેલ : ૯૪૨૬૯ ૯૨૦૧૯ કાલાવડ ઓફિસ : ૦૨૮૯૪-૨૨૨૧૦૮



# समानता





लक्ष्य का राह अटल करो...
परिणाम के भय से मत डरो,
लक्ष्य का राह अटल करो
दुनिया की बातों को त्याग दो तुम,
स्वयं की चिंता याद व को त्याग दो तुम
चाहे रोके कोई कितना भी, बांध ले चाहे
कोई कितना भी
तोडे चल सब बाधाओं को, छोडे चल
सब सुविधाओं को
जिन्दगी तुम अपनी लक्ष्य के नाम करो,
निषछ्ल बस तुम ׀׀׀यास करो
परिणाम के भय से मत डरो...

साहस को तू साथ ले, कर जाने का तु ठान ले
मंजिल तेरी है निकट बस इतना सा तु मान ले,
डर के डर से हार गए तो कायर कहलाओगे,
लड़ते लड़ते मर गए तो योद्धा बन जाओगे
जा तेरे इंतजार में आज मंजिल होगी
जा तेरे स्वागत में धरती गगन सब सामिल होंगे
परेशानी जीतनी आये डटकर उसका स्वीकार करो,
डटकर उसका समाधान करो
परिणाम के भय से मत डरो,
लक्ष्य का राह तुम अटल करो

-दवे भुमिका

## બાળપણના દિવસો

મને યાદ છે મિત્ર એ દિવસો
એ રમત ગમતના દિવસો
કેમ કરી ભુલાય એ દિવસો
વહીગઈ એ સમયની ધારારહી ગઈ છે
એ યાદોની માળા મને યાદ છે મિત્ર
ન પકડાઈ એ સમયની ધારા મારે તો
પહેરવીતી એ માળા મને યાદ છે મિત્ર
નથી એ હાથની વાત બાકી મારે તો
પકડીને રાખવીતી એ સમયની ધારા
મને યાદ છે મિત્ર
ન છપાય એ કાગળ ઉપરની વાતો
રહી ગઈ એ યાદો એક મેકની વાતો
જનક ને યાદ છે મિત્ર એ દિવસો
એ રમત ગમત ના દિવસો
કેમ કરી ભુલાય એ દિવસો

-કમાણી જનક



## મારા પિતા

થાક ઘણો હતો ચહેરા પર પણ,
અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ
કરતા જોયા...
આંખમાં ઉંઘ હતી છતાં પણ,
ચિંતામાં જાગતા જોયા છે...
તકલીફો ચારેબાજુથી હતી પણ,
હિમત હાર્યા વગર એકલા હાથે
લડતા જોયા છે....
કોઈને તકલીફ વર્ણવતા ન હતા,
પણ અડધી રાત્રે ખુલી આંખે ભવિષ્યના
સપના સમજાવતા જોયા છે...
પોતાની પસંદગીને નાપસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે....
વયકિત એક હતા પરંતુ વિશેષતા અનેક હતી,
એ જ "પિતા"સ્વરૂપેમે મારા "સર્જનહાર" ને
જોયા છે....

– ખરાડી મનિષા

# નિષ્પક્ષતા






## થેંક્યું પપ્પા

હિંમતનો દરિયો અને, ક્રોધનું ઝાડ એટલે મારા પપ્પા.
મમ્મીએ મને ડરતા શિખવ્યું,
જ્યારે પપ્પા એ મને લડતા શિખવ્યું.
મમ્મીએ મારી ઠેંસ પર મલમપટી કરી છે,
જ્યારે પપ્પા એ ઈ ઠેંસ જોઈ મારી ધૂળ કાઢી છે.
મમ્મીએ મને સંવેદનશીલ બનાવી,
જ્યારે પપ્પા એ મને હિંમતવાન અને નીડર બનાવી.
પપ્પા ને મારી કિંમત છે,અને પપ્પા મારી હિંમત છે.
મારો અહમ, મારી બુધ્ધિ, મારુ જ્ઞાન,
મારુ સ્વમાન, મારી આવડત અને મારુ આવુ ઘણું બધું...
મારા પપ્પા ના પરસેવાના ચાર ટીપાં સામે ક્ષુલ્લક છે.

જયશ્રી જતાપરા...



## આજની વાત એક દોસ્ત પર...

આજની વાત એક દોસ્ત પર
આજની વાત એ દોસ્તની દોસ્તી પર

જ્યારે સૌએ મારી દોસ્તીને ઠુકરાવી
ત્યારે મને જેને દોસ્તબનાવી
આજની વાત એ દોસ્ત પર...

જ્યારે તુટ્યો ભરોસો દોસ્તી પર
ત્યારે શીખવાડયા દોસ્તીના દસ્તુર
આજની વાત એ દોસ્ત પર...

જ્યારે છોડયો સમયે સાથ
ત્યારે લંબાવ્યો દોસ્તીનો હાથ
આજની વાત એ દોસ્ત પર...

જ્યારે અટવાય એકલતામાં
ત્યારે આવી અજવાળુ બને
આજની વાત એ દોસ્ત પર...

–સીંગલ દિવ્યા



## કર્મનું ફળ

'તકલીફ છે'
'અધરું છે'
'મુશ્કેલી ભર્યુ છે'
આવું બોલી આ જીવન વેડફીશમાં
જે છે એ છે એ પડકાર તું ઝીલી લે,
ને પછી એ પડકાર,પડકાર નહી રહે.
આજે થયેલ કર્મનું ફળ કદાચ કાલે મળે...
કદાચ વરસે બે વરસે મળે
કે પાંચ વરસે પણ મળે
કદાચ આ જન્મે નહિ તો આવતા જન્મે મળે
કર્મની ગતિ અતિગહન છે.

–નકુમ જલ્પા



## – બારડ કિરણ

## બસ એટલું સમજી જા યાર

છોડ તારા Whats appના ગ્રૂપ,
માણ મસ્ત મોસમનું રૂપ,
કર તારાTwitterનેચૂપ,
ફેક બધા Facebookના લાઈક,
સાચુકલી વાત કર ને કાંઈક,
છોડને એલ્યા ટીવીનો તાલ,
નિહાળ ભીના ફૂલોનાં ગાલ,
મૂક હવે લેપટોપની લપ,
કર ચાની ચૂસ્કી પર ગપસપ,
બંધ કર હવે મોબાઈલની ગેમ,
વાંચ હૈયામાં છલકતો પ્રેમ,
બસ એટલું સમજી જા યાર....
જીવન છે ટચસ્કિનની બહાર...





## ગર્વ છે કે હું શિક્ષક છુ

ઘણીવાર વર્ગખંડમાં જાઉત્યારે સામે રહેલી પચાસથી વધુ જીવંત આંખોને જોઉ અને થઈ આવે કે પ્રત્યક આંખોનુ કુતુહલ છે,પ્રત્યેકના પ્રશ્ન અલગ છે, શું ચાલતુ હશે એમના મનમાં? આજની એની સવાર કેવી હશે?

કોઈક ચહેરો શાંત,કોઈક અજંપાગ્રસ્ત,કોઈકની આંખોમાં આનંદ અને કયાંક પીડા.

આ સૌને એક કલાક મારે તો મારો વિષય ભણાવીને નીકળી જવાનું હોય છે,પણ મારે વર્ગમાંથી નીકળતી વખતે એક સંતોષ જોવો હોય છે દરેક આંખોમાં....!

કારણકે આ મારા વિદ્યાર્થીઓ છે,જીવતી ચેતના.આ કોઈ મશીન નથી.કઈ રીતે લેકચર શરુ કરું એવું થઈ આવે ત્યારે,મનમાં ઉપનિષદનો મંત્ર ૐ સહનાવવતુ જપી લઉ છું.

બહુ મોટી જવાબદારી હોય છે,અમારા શિક્ષકો પર.વેદ આજ્ઞામાં માં-બાપ પછી આચાર્યને દેવ ગણવાની આજ્ઞા છે.

આ કાર્યમાં અદ્ભુત સંતોષ મળે છે,કેટલાય  વિદ્યાર્થીઓ ફેમીલી મેમ્બર બની જાય છે,અને તમે તેને સૌથી વધારે તતડાવ્યા હોય એ જ તમને જતા જતા કહી જાય કે સર,એ દિવસે જો તમે જવા દીધો હોતતો હજી અટવાતો જ હોત.

અભિમાનથી કહી શકીયે છીયે કે વિદ્યાર્થીને હાથો બનાવી મેલી રમતો રમતા નથી, વિદ્યાર્થી ને કસ્ટમર ગણી માપ-તોલના પ્રપંચ કરતા નથી, અંગત સ્વાર્થ માટે કયારેય વિદ્યાર્થીનુ અહિત કરતા નથી.

ગર્વ છે કે શિક્ષક છીએ અને અનેકગણો ગર્વ છે કે અમારા શિક્ષકો થકી આજે અમે અહીયા છીએ.

હા, અમે શિક્ષકો ખરેખર તો ખેડુત છીએ, અમે માનવમનની ખેતી કરીએ છીએ..!

-ઓળકીયા સંજય



## જયવિરુની જોડી

તારે અને મારે ભાઈલા સ્નેહનો છે સંબંધ
એટલે જ કહું છું તને મારો પાકો ભાઈબંધ.
ભલે નથી તું મારો કોઈ સગો, નથી મારો મોટી વગો
હું કહી લઉ કયારેક લગો, પણ કયારેક ન આપે તું દગો.

પહેલા સિદને હતો તારે અને મારે કોઈ નાતો ?
તો પણ ખુલ્લા દિલથી કરતો તારી સાથે વાતો
જન્મદિવસના મોકે ખૂબ એકબીજાને મારતા લાતો
મને એકલો મૂકીને મારા વાલીડા તું કયારેય ન જાતો.

સુખ હોય કે દુઃખ હંમેશા બન્યો છે તું મારો સાથી
કૈંક વાર રડયો છું ભઈલા દુઃખમાં તને ગળે બાથી
ભલેને હોય પોકેટ ખાલી,તોય આપડે નીકળી પડીએ હાલી
કારણ કે આપડે બેયને છે જીવ કરતા પણ ભાઈબંધી વાલી.

જય વિરુની આ જોડી, ન તુટે કયારેય વેલી કે મોડી,
ભલે મૂકે કોઈ ઓડી, તો પણ ના ચાલુ મિત્ર તને છોડી.

-પટેલ પરિમલ ડી.








## ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા

આજના યુગની અંદર આપણાં દેશના લોકો જે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરી રહ્યા છે.તેનો હું વિરોધી નથી,પરંતુ આપણી આ ભવ્ય ભારતીય સંસ્કૃતિને ભૂલીને બીજી સંસ્કૃતિ અપનાવી એ કેટલી હદે યોગ્ય છે? અન્યને હઃઉશ કરવાને બદલે આપણું છે તેને બઉઉશ્કિરીને તો જુઓ અરે નઃઃમ ેઃરઘરઘન ની જગ્યાએ શુભપ્રભાત ! કહીને તો જુઓ આપણે આપણી સંસ્કૃતિનું ગૌરવ લેશુ તો જ તેમનું મહત્વ વધશે,સંરક્ષણ અને સંવર્ધન થશે.પરિવર્તન અનિવાર્ય છે અને આવકાર્ય છે પણ એટલું બધુ પણ નહી જેથી માણસમાંથી માણસાઈ શોધવી અઘરી પડે.તમે નવા નવા ગીતો સાંભળો તેનો કોઈ વિરોધ નથી પણ તમે સાથે સાથે લોકગીત,દુહા અને પ્રભાતિયા પણ સાંભળો તેને ભુલવાના નથી.આપણી સંસ્કૃતિનું મહત્વ વિદેશમાં પણ અનેરુ રહ્યુ છે.ઘણા દેશોની અંદર ‘શ્રીમદભગવતગીતા‘ બાળકોને શાળામાં ભણાવવામાં આવે છે.તે ખરેખર આપણા માટે ગૌરવની વાત છે.પણ તેની સામે આપણે તેને કેટલુ મહત્વ આપીએ છે? તમને નવા ફિલ્મના ડાયલોગ સાંભળવા ગમશે પણ ફરી એકવાર કહું છુ કે તમે આપણા આ સાહિત્યની અંદર નજર કરીને તો જુઓ.

‘‘જયારે પ્રણયની જગમાં શરુઆત થઈ હશે
ત્યારે પ્રથમ ગઝલની રજુઆત થઈ હશે.‘‘

આવું કેટલું અદ્‌ભૂત સાહિત્ય સંસ્કૃતિમાં હજું પડ્યુ છે.તમે તમારુ આ ઘરરૂપી જીવન છે તેના દ્વાર હંમેશા ખુલ્લા રાખો જેથી ચોતરફથી સંસ્કૃતિ તેમાં પ્રવેશી શકે પરંતુ તમારી સંસ્કૃતિ ઘરની બહાર ન જાય તેનું પણ ધ્યાન રાખો.ટુંકમાં કહુ તો આ પશ્ચિમીસંસ્કૃતિ ભેગું કરવા માટે છે.જયારે ભારતીય સંસ્કૃતિ ભેગુ રહેવા માટે છે.

ચંડેરા અક્ષય



## જો મને......



જો મને શ્રીકૃષ્ણ મળે તો,
આજનાં દેશના દુષ્ટો સામે મહાભારત કરું.
જો મને ગાંધી મળે તો,
આજના અંગ્રેજોરૂપી ભ્રષ્ટાચારીઓને ભગાડું.
જો મને સરદાર મળે તો,
ધર્મના નામે અલગ થયેલાઓને એક કરું.
જો મને રાજા હરીશચંદ્ર મળે તો,
હું આજના આ અસત્યનાં પવનોને અટકાવું.
જો મનેવિવેકાનંદ મળે તો,
હું ફરી સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડું.
જો મને રાણી લક્ષ્મીબાઈ મળે તો,
હું વિશ્વને ભારતીય વીરાંગનાનો પરિચય કરાવું.
જો મને આજના માણસમાં માણસાઈ મળે તો,
હું આપણા દેશને ‘‘અખંડભારત‘‘બનાવું.

– સોલંકી વૈશાલી















**નામ : ગરણિયા રમેશભાઈ ભુરાભાઈ**
**વ્યવસાય : પ્રાથમિક શિક્ષક**



**નામ : ગરણિયા રમેશભાઈ ભુરાભાઈ**
**વ્યવસાય : પ્રાથમિક શિક્ષક**

# શ્રદ્ધા







मेरा साहस,मेरी ईज्जत,मेरा सन्मान है पिता
मेरी ताकात,मेरी पुंजी,मेरी पहचान है पिता

घर की ईंक ईंक ईंट में शामिल उनका खून पसीना
सारे घर की रौनक उनसे सारे घर की शान पिता

मेरी ईज्जत,मेरी सोहरत,मेरा रुतबा,मेरा मान है पिता
मुझकोहिम्मत देने वाले मेरा अभिमान है पिता

सारे रिश्ते उनके दम से सारे नाते उनसे है
सारे घर के दिल की धडकन सारे घर की शान पिता

शायद रब ने देकर भेजा फल ये कर्मो का
उसकी रहेमत उसकी नेअमत उसका है वरदान पिता.

गरणिया केतन आर.



वो एक दोस्त.....

सबका एक दोस्त होता है
जो दूर होकर भी करीब होता है
कपड़ो से भले ही गरीब हो
लेकिन दिल के मामले में अमीर होता है
ऐसा सबका एक दोस्त होताहै.

जिसके साथ घंटो बेठ हम गप्पे लगाते है
जिससे सबकी चुगली करते है
जो हमारी सब बैवकूफी में साथ होता है
जिसे हमारे सारे सीक्रिट्स का पता होता है
ऐसा सबका एक दोस्त होता है.

जिसके भरोसे हम एग्जाम में बिना पढ़े जाते है
जिसके पेपर में ज़ाकना हम अपना हक मानते है
जो मार खाने में हमेंशा हमारे साथ होता है
ऐसा सबका एक दोस्त होता है.

जो हमेंशा हमें किसी लड़की के नाम से चिढाते है
जो हमारे राज को हर किसी से छुपाता है
जो भले ही हमारी खुशी में पीछे हो
लेकिन हमेंशा हमारे दुःख में आगे होता है
ऐसा सबका एक दोस्त होता है
जो भले ही हम से दूर हो
लेकिन दिल के बहुत पास होता है......

-चावड़ा भगवान



-वरसडा जीतीषा



# નીતિ







## એક અલગારી ગઝલ

ચાલ એક આટો બહાર મારી આવીએ,
બંધનોથી મુકત હવાને માણી આવીએ.
આમ તો સ્થળ કયાં કોઈ પણ બાકી હવે,
કોઈના દિલ સુધી લટાર મારી આવીએ,
આપવાની મઝા શું હોય છે એ જાણવા,
વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ.
હસ્તરેખાઓ સુકાઈ જાય એ સારું નહિ,
કો'કના આસું લૂછી એને પલાળી આવીએ.

– જોટવા શાંતિ

## ગુણિયલ

તે પણ મોટાં ગજાનો બનાવી દીધો છે
માણસ મને મજાનો બનાવી દીધો છે.

ધબકી રહ્યો છું સૃષ્ટિના કણ-કણમાં
ધબકાર એ ધરાનો બનાવી દીધો છે.

હતો જે રસ્તાનો પથ્થર અથડાતો
દુર્લભ રત્નોનો ખજાનો બનાવી દીધો છે.

જેને પામવા વલખે દેવ-ગાંધર્વો
હાર એ હુરના ગળાનો બનાવી દીધો છે.

પુષ્પના હૈયામાં પણ જમાવે સ્મિત
જીંદાદિલીનો જમાનો બનાવી દીધો છે.

શિખરના તેજને પણ પાડે ઝંખવાણું
પથ્થર એ પાયાનો બનાવી દીધો છે.

નહિ મિલાવી શકે મોત પણ ખાખમાં
શાયર એ દરજ્જાનો બનાવી દીધો છે.

– માવાણી ભવિતા



## શા માટે?

મળ્યા જ છીએ તો ઉજવી લઈએ,
લાગણીઓના તહેવારોને.....
ઝઘડાને સ્થાન શા માટે?
લાગણીઓનું પોત છે.ચાલો !
રંગીએ લાલ-પીળા-લીલા.....સપ્તરંગો સાથે....
સીધો છે હિસાબ જીવતરનો એમાં,
સંધ્યાના રંગે રંગાઈ,રમીએ સંતાકૂકડી સાથે...
વિધાતાએ લખ્યા છે લેખ,આસુંમાં કલમ બોળી,
થનારું થશે જ,એમાં ભગવાનને દોષ શા માટે?
રાખજો ખુલ્લા આકાશ નીચે,નકાબ શબનું ખુલ્લું,
મરણ પછી દુનિયા સાથે કફનનો પડદો શા માટે?

-કુન્બી અર્ચના

## તું વિચાર

તું સ્વયં તારા વિચારોથી હારે,
તાકાત શું કોઈની કે તને પછાડે!

માત્ર એક જ હિંમત લાગશે,
એ શું ચાલવું નસીબના સહારે!

કયારેક તો ઘાવને અવગણવા પડશે,
ઈશ્વર કયાં સુધી તને પંપાળે?

જીતી જ શકે સંજોગોનો ઘોંઘાટ,
સાંભળે જો તું પ્રયત્નોના પોકાર!

"કૃતિ" ખેલ જ આ બંધ આંખોનો છે,
જોઈ શકે જો તું તારી આરપારે!



પટેલ કુંજલ



# પ્રામાણિકતા





## હવે ખૂટશે...

હવે સ્માર્ટફોન આવતા શેરીઓની એ બેઠકો તુટશે,
હસતા હસાવતા એ દુઃખ દર્દોની એ વહેચણી ખૂટશે...
શું ખાધુ, શું કર્યુ બધું સ્ટેટસમાં મળશે,
એ સાથે જમવાની એ મહેફીલો હવે ખૂટશે...
મોબાઈલની એ રમતો આંખોને ગમશે,
પણ એ ફળિયાની રમતો હવે ખૂટશે...
જેનો ચહેરો નથી જોયો એને મિત્ર બનાવશે,
પણ બાજુવાળા પાડોશીનો સાથ પણ ખૂટશે...
દરેક જગ્યાએ નવરા પડયા સાથે મોબાઈલ દેખાશે,
સાચા મિત્રો નો સંગાથ હવે ખૂટશે...
કલાકો સુધી એ ફોનમા વાતો કરશે,
પણ પોતાના બાળક સાથેનો એ સમય હવે ખૂટશે...
ભલે એ દુનિયાની સાથે બાથ ભીડવશે,
પણ એ માનવીની માનવતા હવે ખૂટશે.

-મોકરીયા ધર્મેશ



## જિંદગી

કયારેક હસતી,કયારેક રડતી.
કયારેક સુખી તો,કયારેક દુઃખી.
એક ચોકકસ રાગમાં દોડતી આ જિંદગી.
શું મેળવીશું અને કયારે મેળવીશું,
બસ આ એક દોડમાં ભાગી આ જિંદગી,
તાર એના જોડતા કયારેક,તાર એના તૂટતાં કયારેક,
પળ પળ બદલાતી રહેતી આ જિંદગી.
કોણ પોતાનુ,કોણ પારકું,
તે પણ ખૂબ મોડું સમજાવતી આ જિંદગી.
જીવનના પળે પળમાં,
પરીક્ષા અનેપરિણામ આપતી આ જિંદગી.
કયારેક સમજાણી,કયારેક ન સમજાણી,
તો પણ બધાને વહાલી લાગતી આ જિંદગી.....
– તેજાણી વૈશાલી

## ડોસી ડોસાને હજી વ્હાલ કરે છે.

ડોસો જાગે ત્યારે ચશ્મા આપે,
અને બ્રશ ઉપર પેસ્ટ લગાડે,
લોકોનું કહેવું કે ડોસીને આમ કરી ડોસાને
શાને બગાડે?
મસાલા ચા અને ગરમ ગરમ નાસ્તો
ડોસી ડોસાને કેવો ખ્યાલ કરે છે?
નિયમ પ્રમાણે દવા આપે છે રોજ
અને રાખે છે ઝીણું ઝીણું ધ્યાન,
બન્નેનો સંબંધ તો એવો રહ્યો છે
જાણે તલવાર અને મ્યાન
મ્યાનમાબન્ને જણ મૂંગા મૂંગા
એક મેક ને એવા તો ન્યાલ કરે એ.
કાનમા આપે એ એવા ઈન્જેક્શન
કેસિગરેટ શરાબ હવે છોડો,
ડોસો તો પોતાના તાનમાં જીવે
ક્યારેક વહેલો આવે કે ક્યારેક મોડો,
બન્નેની વચ્ચે વહે આછું સંગીત
પણ બહારથી ધાંધલમાલ કરે છે.
ડોસો વાચે અને ડોસીને મોતિયો
બન્ને જણ વચ્ચે આવો છે પ્રેમ,
લડે છે,ઝઘડે છે,હસે છે,રડે છે.
જીવન તો જળની જેમ વહેતું જાય એમ,
દોસ્ત જેવી દીકરીની હાજરીમાં બન્ને જણ
ઘરની દીવાલને ગુલાબ કરે છે.
– સોલંકી મનીષા



## " Smile"

Smile - what a beautiful word!
Smile - is Sweet like honey
Smile - can make anyone cool
Smile - is a gift given by god
Smile - is good forour health
Smile - can make tough work easy
Smile - isused in all languages
Smile - of child is the sweetest
Smile - from heart not only for lips
Smile - make your face handsome
Smile - with every one in they face
MY SMILE IS MY MESSAGE
~valani shital

# પુર્ણતા





## માણસની ઓકાત

ઘી નો એક લોટો
લાકડાના એક ઢગલા ઉપર
થોડા કલાકમાં રાખ
બસ આટલી છે
માણસની ઓકાત......
એક બુઢ્ઢા બાપ
સાંજે મરી ગયા
પોતાની આખી જીદગી
પરિવારના નામે કરી ગયા
કયાંક રડવાનો અવાજ
તો કયાંક વાતમાં વાત
અરે જલ્દી લઈ જાઓ
કોણ રાખશે આખી રાત
બસ આટલી છે
માણસની ઓકાત......
આખી જીદગી
મારૂ  મારૂ કર્યુ
પોતાના માટે ઓછુ જીવો
બીજાના માટે વધુ જીવ્યા
કોઈ નહી આપે સાથ
જશો ખાલી હાથ
તલભાર સાથે લઈ જવાની
નથી ઓકાત
બસ આટલી છે
માણસની ઓકાત......
તો પછી જીવનમાં ઘમંડ
શું કામ....
બસ આટલી છે
માણસની ઓકાત......

-પટેલ વિધિ



કેમ કે હું મૂર્ખ છું.....

દરિયો બની હોડી ચલાવે,
હું હોડીમાં બેસીને સમુદ્રને ચલાવું.
કેમ કે હું મૂર્ખ છું.....

બોલેલા શબ્દોને સમય સાથે પાછા આપે,
મારે સૂર્ય ઉગતા નવો દિવસ.
કેમ કે હું મૂર્ખ છું.....

લોકો બહુ બોલતા નથી,
પણ તમે મને સાંભળો છો.
કેમ કે હું મૂર્ખ છું.....

કરેલા કામોનું પરિણામ તરત જોઈએ,
પ્રતિક્ષાના ટોડલે બેસી હું પરિણામ જોઉં છું.
કેમ કે હું મૂર્ખ છું.....

હું બોલ બોલ કરું છું કેમકે
બુદ્ધિશાળી નથી બોલતા એટલે હું બોલુ છું.
કેમ કે હું મૂર્ખ છું.....

સ્વાર્થના આ સંસારમાં સૌ પોતાનો લાભ જુએ,
હું બીજાના લાભમાં મારી ખૂશી.
કેમ કે હું મૂર્ખ છું.....

ઈશ્વરે આપેલા કિંમતી વર્ષો મેં વેડફી માર્યા છે,
હજી આપશે તો વેડફી નાખીશ.
કેમ કે હું મૂર્ખ છું.....

- જાડા વિશાલ

## કુંડલિયા ટીચર્સ કોલેજમાં પ્રવેશોત્સવ



મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં એફ.વાય.બી.એડ.માં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને ઉષ્માસભર આવકાર આપવા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેના અધ્યક્ષસ્થાને ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઇ જોષી, મુખ્ય મહેમાન તરીકે 'ફૂલછાબ'ના તંત્રી કૌશિકભાઇ મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. પ્રવચન, કોલેજ પ્રણાલી, સ્વાગત ગીત, નૃત્ય જેવા વિવિધતાસભર કાર્યક્રમો યોજાયાં હતાં.

## કુંડલિયા બી.એડ.કોલેજની છાત્રાને ગોલ્ડ મેડલ



રાજકોટ મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજની વિદ્યાર્થિની કુ.પટોળિયા જેનિશા ધીરજભાઇ એ બી.એડ. અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૧૭-૧૮માં સમગ્ર સૌરાષ્ટ્રમાં યુનિવર્સિટી બી.એડ.માં સૌથી વધુ ગુણ ૯૬.૬૮ % પ્રાપ્ત કરી રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીજી તથા શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવેના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.



## જે.જે. કુંડલીયા કોલેજમા વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ

જે.જે. કુંડલીયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજમાં શૈક્ષણીક સાધન પ્રદર્શન વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા અને કલારૂમ ડેકોરશેન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શૈક્ષણીક સાધન પ્રદર્શન, પુસ્તક પ્રદર્શન, કલાસરૂમ ડેકોરેશન અને વેસ્ટમાંથી બેસ્ટની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કોલેજના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા.

## શિક્ષક દિનની ઉજવણી



■ મા વિના મમતા અને ગુરૂ વિના જ્ઞાન નહીં, આ યથાર્થ શિર્ષકને સાર્થક કરતા શિક્ષક દિવસની ઉજવણી તા. 5 સપ્ટેમ્બરના કરવામાં આવે છે. સાથે જ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ હોય તેમને પણ યાદ કરવામાં આવે છે. શહેરની પાઠક શાળામાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક બની પોતાની ભીતર રહેલા શિક્ષકની પ્રતિભા દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને સહકાર આપ્યો હતો.

■ સંત જ્ઞાનેશ્વર સ્કૂલમાં રવિભાઈ શેખ અને શ્રેયાબેનના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિનની ઉજવણી થઈ હતી. ધોરણ 1 થી 8 અને હાઈસ્કૂલના ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ એક દિવસ માટે શિક્ષક અને અન્ય ભુમિકામાં શિક્ષણ અને શાળાનું સંચાલન કર્યું હતું. 'મારા પ્રિય શિક્ષક' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. એકથી ત્રણ ક્રમ મેળનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરાયા હતા.





■ જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરાઇ હતી. વિદ્યાર્થીઓએ આચાર્ય, અધ્યાપકો, વહીવટી સ્ટાફની જવાબદારી સંભાળી હતી.

## ભેટનું આદાન-પ્રદાન કરાયું



રાજકોટ : સ્નેહનિર્જર સંસ્થાના મનો દિવ્યાંગ બાળકોએ તૈયાર કરેલી વસ્તુઓની ખરીદી કરી 31 ડિસેમ્બરની ઉજવણી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજના પ્રશિક્ષાર્થીઓ, અધ્યાપકો કરી હતી. ખરીદેલી વસ્તુઓનું એક બીજાને આદાન-પ્રદાન કર્યું હતું. આચાર્ય ડો.અલ્પેશભાઇ નાકરાણી વગેરે હાજર રહ્યા હતા.

# જે.જે.કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં સ્પોર્ટ્સ ટ્રેનિંગ કેમ્પની ઉજવણી



આજકાલ કાર્યાલય- રાજકોટ

મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં સ્પોર્ટ્સ ફેસ્ટિવલ કમ સ્પોર્ટ્સ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય ફિઝિકલ ટ્રેનર તરીકે ભરતભાઈ પરમાર અને કુલદિપભાઈ રાબા હાજર રહ્યા હતાં. સૌપ્રથમ મહેમાનોએ રમત વિષે પ્રાથમિક માહિતી આપી. ત્યારબાદ તાલીમ અને સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં દોડ, રિલે દોડ, વિધ્ન દોડ, કબડ્ડી, ખો-ખો, ચેસ, કેરમ, ગોળા-ફેંક, બરછીફેંક, ચક્ર ફેંક વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવી શિક્ષકોએ વિવિધ રમતોના નિયમો અને સંચાલનની તાલીમ મેળવી હતી. કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ નાસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ડો.અલ્પેશભાઈ નાકરાણી, ડો.ચિરાગભાઈ માઢક, અધ્યાપક ભરતભાઈ પાઠક, જિજ્ઞાબેન ચાવડા તથા નોન ટિચિંગ સ્ટાફ અને સર્વે પ્રશિક્ષણાર્થી મિત્રોએ ઉત્સાહભેર તૈયારીમાં ભાગ લીધો હતો.



# રાજકોટ મધ્યસ્થ જેલમાં સરદાર પટેલ વિશે વકતત્વ યોજાયુ

જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ અને સરદાર પટેલ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ મધ્યસ્થ જેલમા સરદાર પટેલ વિશે પ્રવચન યોજવામા આવ્યુ હતું. સ્વતંત્ર સંગ્રામમા સરદારની પ્રથમ ધરપકડ ૭મી માર્ચ ૧૯૩૦માં ગાંધીજીની દાંડી યાત્રાના પ્રારંભના દિવસોમાં થઈ હતી. આ ઐતિહાસિક ઘટનાને ૭મી માર્ચ ૨૦૧૯ના રોજ ૮૯ વર્ષ પુરા થયાની સ્મૃતિમા ૭મી માર્ચના રોજ રાજકોટ મધ્યસ્થ જેલમાં કેદીઓ સમક્ષ અમારી કોલેજના અધ્યાપક ડો. ચિરાગભાઈ માઢક તથા ૫ પ્રશિક્ષાર્થી બહેનો દ્વારા સરદાર પટેલના જીવનકાર્ય વિષે વકતત્વ આપવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહાન દેશનેતા સરદાર પટેલના જીવનનો પ્રેરણાત્મક સંદેશો ૨૫૦ કેદીઓ સુધી પહોંચાડવાનો હતું.

## ગુરૂપૂર્ણિમાની ઉજવણી

શ્રી મહાત્મા ગાંધી ચેરી. ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.ગુરૂપૂર્ણિમા વિશે વક્તવ્ય,ગુરૂ અને દયાનંદ સરસ્વતી અને તેમના ગુરૂ વિરજાનંદનું નાટક,ગુરૂ સ્તોત્ર વગેરે રજુ કરવામાં આવ્યું હતું. અતિથિ તરીકે નિવૃત પ્રોફેસર ડો.અનિલભાઈ અંબાસણા ઉપસ્થિત રહ્યા હતા.



• જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં મહેંદી અને રાખડી બનાવવાન સ્પર્ધા યોજાઇ હતી. મહેંદી, રાખડી સ્પર્ધામાં કુલ 44 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે મહેત હરિપ્રિયા, સુભાષણા અર્જુનભાઈ, ગોસાઇ મયુરીબેન વિજેતા થયા હતા.

# જે.જે.કુંડલિયા કોલેજમાં વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું કરાયેલું આયોજન

## વિવિધ કોલેજોએ ભાગ લીધો હતોઃ મોટી સંખ્યામાં વિધાર્થી જોડાયા હતા



આજ કાલ કાર્યાલય-રાજકોટ

જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં શૈક્ષણિક સાધન પ્રદર્શન, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા અને ક્લાસરૂમ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.જે.કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં તા.૨૦-૯ના રોજ શૈક્ષણિક સાધન પ્રદર્શન, પુસ્તક પ્રદર્શન, ક્લાસરૂમ ડેકોરેશન અને વેસ્ટમાંથી બેસ્ટની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કોલેજના ટ્રસ્ટી ડો.અલ્પાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતાં તથા નિર્ણાયક તરીકે અમારી કોલેજના ભૂતપૂર્વ વિધાર્થિની ફલ્ગુ કાજલબેન એમ.એડના તાલીમાર્થી જાડેજા નમ્રતાબા અને બાલભવનના ક્રાફ્ટ વિભાગનાં ઇન્સ્ટ્રક્ટર ભટ્ટ હેમાલબેને હાજરી આપી હતી. પંચશીલ કોલેજ, એમ.જે.કુંડલીયા કોલેજ, મીરાંબીકા બી.એડ કોલેજના બધા પ્રશિક્ષણાર્થીઓ પ્રદર્શન નિહાળવા આવ્યા હતાં. આ સ્પર્ધામાં બંની આવ્યા હતાં. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા વિકસાવવાનો હતો. કાર્યક્રમને અંતે નિર્ણાયકોએ સ્મૃતિભેટ અર્પણ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજનાં આચાર્ય ડો.અલ્પેશભાઈ નાકરાણી, અધ્યાપક ડો.ચિરાગભાઈ માઢક, ભરતભાઈ પાઠક, જીજ્ઞાબેન ચાવડા, નોન ટીચિંગ સ્ટાફ એમ.એડના તાલીમાર્થીઓ તથા સર્વે પ્રશિક્ષણાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટી અલ્પનાબેન



# જે.જે. કુંડલીયા કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી

જે.જે. કુંડલીયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજમાં તારીખ ૧૪/૯/૨૦૧૮ના રોજ ગણેશચતુર્થી, વિશ્વ હિન્દી વિશ્વ દિવસ તથા વિશ્વ અંધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. કનૈયાલાલ ડામોર હાજર રહયા હતા. ગણેશ ચતુર્થી નિમીતે ગણેશજીની આરતી તથા ગણેશજીના વિવિધ અંગોનું મહત્વ દર્શાવતુ વકતવ્ય પ્રશિક્ષણાર્થીએ રજુ કર્યુ હતું. વિશ્વ હિન્દી દિવસ નિમીતે પ્રશિક્ષણાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

## રક્તદાન કૅમ્પ



શ્રીમતી જે.જે. કુંડલિયા બી.એડ. કોલેજમાં તાજેતરમાં રક્તદાન કેમ્પ, થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયેલ. મુખ્ય અતિથિ ડો. અલ્પનાબેન ત્રિવેદી ઉપસ્થિત હતા. રામકૃષ્ણ આશ્રમના પુસ્તકો પણ અપાયા હતા. ૭૫ બોટલ રક્ત એકત્રિત કરાયું હતું. આચાર્ય ડો. અલ્પેશભાઇ નાકરાણી, ડો. ચિરાગ માઢક, ભરતભાઇ પાઠક સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## પરિચય પ્રવાસ યોજાયો



જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાંથી એક દિવસીય પરિચય પ્રવાસ સુરજકુંડ અને ઝીણાબાવાની મઢી ખાતે યોજાયો હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, જંગલ વિશેની માહિતી, વનસ્પતિ સૃષ્ટિનો પરિચય કરાયો હતો.

# ટીચર્સ કોલેજમાં સ્પોર્ટસ ટ્રેનિંગ કેમ્પની ઉજવણી કરાઇ



રાજકોટ | મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં સ્પોર્ટસ ફેસ્ટિવલ કમ સ્પોર્ટસ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીમાં ફિઝિકલ ટ્રેનર ભરત પરમાર, કુલદીપ રાબાએ રમત વિશે પ્રાથમિક માહિતી આપ્યા બાદ દોડ, રિલે દોડ, વિઘ્ન દોડ, કબડ્ડી, ખો-ખો, ચેસ, કેરમ, ગોળા ફેંક, બરછી ફેંક, ચક્ર ફેંક સહિતની રમતોની સ્પર્ધા યોજાઇ હતી. સ્પર્ધામાં કોલેજના આચાર્ય ડો.અલ્પેશ નાકરાણી સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# જે.જે. કુંડલિયા કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી



જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે વિદ્યાર્થીઓએ આચાર્ય, ઉપાચાર્ય, અધ્યાપકો અને વહીવટી સ્ટાફ તરીકેની ભૂમિકા ભજવી હતી. કેતનભાઈ ગરાણયા આચાર્ય બન્યા હતા. પ્રાર્થના કાર્યક્રમમાં આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રહી ચૂકેલા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કર્યા હતા. આખા દિવસ દરમિયાન જુદા જુદા વિષયના પાંચ તાસ ગોઠવવામાં આવ્યા હતા. દરેક શિક્ષક બનેલ વિદ્યાર્થીએ પોતાના વિષયને ન્યાય આપવા માટે પુરતી તૈયારી કરી હતી. કોલેજના આચાર્ય ડો. અલ્પેશભાઈ નાકરાણીએ શિક્ષકદિનનો મહિમા અને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું

## બી.એડ્.ની પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ બદલ ગોલ્ડ પદકથી સન્માનિત



રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી.એડ્.ની પરીક્ષામાં જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજની વિદ્યાર્થિની પટોળિયા જેનિસા ધીરજભાઈએ 76.68 ટકા ગુણ સાથે પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. તેણીને રાજ્યપાલ ઓ.પી.કોહલી, શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવેના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી.

## કુંડલિયા બી.એડ. કોલેજ

શ્રીમતી જે.જે. કુંડલિયા બી.એડ. કોલેજમાં ગાંધી વિચારો કેટલા પ્રસ્તુત કે અપ્રસ્તુત પ્રર્વતમાન સમયમાં ડીબેટ યોજાઇ હતી. ગાંધી ક્વીઝ સ્પર્ધામાં ૧૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ. હેમુ ગઢવી હોલમાં શ્રી મોરારિબાપુના હસ્તે પુસ્તક વિમોચન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. કબા ગાંધી ડેલામાં ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



## શ્રેષ્ઠ વાંચવાલાયક ગુજરાતી પુસ્તકોની યાદી

▶વાંસનો અંકુર – ધીરુબેનપટેલ
▶પુરુષાર્થની પ્રતિમા ધીરુભાઈ અંબાણી –દિનકરપંડ્યા
▶કુસુમમાળા –નરસિંહરાવદિવેટિયા
▶ટોલ્સટોયની ૨૩ વાર્તાઓ – ટોલ્સટોય
નહન્યતે- ત્રેયીદેવીસ્વર્ગની
▶લગોલગ –મૈત્રેયીદેવી
મનનીવાત –સુધામૂર્તિ
▶મારા અનુભવો –સ્વામીસચ્ચિદાનંદ
▶મન્ટોનીવાર્તાઓ – શરીફા વીજળીવાળા
▶અજાણીનું અંતર – શરીફા વીજળીવાળા
▶અલગારી રખડપટ્ટી –રસિકઝવેરી
▶બાળપણના વાનરવેડા –વજુકોટક
▶વહાલના વલખા –જોસેફમેકવાન
૮૦ દિવસમાં પૃથ્વીનીપ્રદક્ષિણા – જુલેવર્ન
સાહસિકોની સૃષ્ટિ –જુલેવર્ન
જનમટીપ –કરરંગબિલોરીકાચના –
આગંળિયાત –જોસેફમેક્વાન
▶ભદ્રમ્ભદ્ર –રમણલાલનીલકંઠ
▶શબ્દોનીસોનોગ્રાફી –બકુલબક્ષી
▶છઅક્ષરનુંનામ –રમેશપારેખ
▶એન્જીયોગ્રાફી – રતિલાલબોરીસાગર
▶શોધશોધતુર્ભીતરશોધ (ગુજરતીઅનુવાદ) –ઓશોરજનિશ
▶જિંદગી જિંદગી –નૃગેન્દ્રવિજય
▶કોસમોસ –નૃગેન્દ્રવિજય
▶મારો વરસાદ –તુષારશુક્લ
▶જનમટીપ –ઇશ્વરપેટલીકર
▶દરિયાલાલ –ગુણવંતરાયઆચાર્ય
▶મડીયાની શ્રેષ્ઠવાર્તાઓ –ચુનીલાલ મડીયા
▶વેળાવેળાની છાંયડી –ચુનીલાલ મડીયા
▶અસુર્યલોક –ભગવતીકુમારશર્મા.
ખતવણી(વાર્તાઓ) –ઉત્પલભાયાણી
કુંતિ –રજનીકુમારપંડ્યા
માધવ કયાંય નથી મધુવનમાં – હરીન્દ્ર દવે
▶મુખવટો –હરીન્દ્રદવે
▶સંગઅસંગ –હરીન્દ્રદવે
▶ભારેલોઅગ્નિ –ર.વ.દેસાઈ
▶દિવ્યચક્ષુ –ર.વ.દેસાઈગ્
▶રામ્યલક્ષ્મી –ર.વ.દેસાઈ
▶ધૂમકેતુની શ્રેષ્ઠવાર્તાઓ –ધૂમકેતુ
▶અમાસનાતારા –કિશનસિંહચાવડા.
▶સરસ્વતીચંદ્ર –ગો.મા.ત્રિપાઠી
▶અણસાર –વર્ષા અડાલજા
▶માટીનુંઘર –વર્ષા અડાલજા
▶શગરેસંકોરું –વર્ષા અડાલજા
▶મહામાનવ શ્રીકૃષ્ણ –નગીનદાસ સંઘવી
દેવોનીભૂમિ –ભોળાભાઈપટેલ
▶શબ્દલોક –ફાધર વાલેસ
▶વાણી તેવુ વર્તન –ફાધર વાલેસ
▶મૃત્યુ મરી ગયું –ઉષાશેઠ
ઓળખ પરેડ –અશોકદવે
▶આંસુભીનો ઉજાસ –દિલીપરાણપુરા
▶વિનોદની નઝરે –વિનોદભટ્ટ
▶તણખામંડળ–ધૂમકેતુ.
▶ગુલાબી આરસની લગ્ગી – હરિકૃષ્ણપાઠક
▶રખડુટોળી –ગિજુભાઈબધેકા
▶કુરુક્ષેત્ર –ભુપેન્દ્રસિંહરાઓલ
▶જેબલિયા રેવન્યુસ્ટેમ્પ- અમૃતાપ્રીતમ વંશ વિચ્છેદ – મહેશયાજ્ઞિક
▶અઘોર નગારવાગે – મોહનલાલઅગ્રવાલ
▶મારી સ્મરણયાત્રા –કાકાસાહેબ કાલેલકર
▶હિમાલયનો પ્રવાસ –કાકાસાહેબ કાલેલકર
▶આઠમોરંગ –હેમાંશીશેલત
▶ જોવી'તીકોતરોનેજોવી'તીકંદરા – શિવકુમ

## શ્રેષ્ઠ વાંચવાલાયક ગુજરાતી પુસ્તકોની યાદી

સૌરાષ્ટ્રનીરસધાર – ઝવેરચંદમેઘાણી
▶ સત્યનીશોધમાં – ઝવેરચંદમેઘાણી
▶ સોરઠીબહારવટિયાઓ – ઝવેરચંદ મેઘાણી
▶ માણસઈનાદીવા – ઝવેરચંદમેઘાણી.
▶ અપરાધી – ઝવેરચંદમેઘાણી.
▶ ઓથાર – અશ્વિનીભટ્ટ
▶ અંગાર -અશ્વિનીભટ્ટ
▶ આખેટ – અશ્વિનીભટ્ટ
▶ ફાંસલો – અશ્વિનીભટ્ટ
▶ કસબ – અશ્વિનીભટ્ટ
▶ કરામત – અશ્વિનીભટ્ટ
▶ કમઠાણ – અશ્વિનીભટ્ટ
▶ અર્ધીરાતેઆઝાદી – અશ્વિનીભટ્ટ
પ્રીતકિયેસુખહોય – જયવસાવડા
▶ યુવાહવા – જયવસાવડા
▶ સાહિત્યઅનેસિનેમા — જયવસાવડા
▶ માહિતીનોમહાસાગર – જયવસાવડા
▶ નોલેજનગરીયા – જયવસાવડા
જયહો – જયવસાવડા
▶ સાયન્સસમંદર – જયવસાવડા

▶ જી.કે. જંગલ – જયવસાવડા
▶ પીળારૂમાલની ગાંઠ– હરકિશનમહેતા
▶ મુક્તિ બંધન – હરકિશનમહેતા
▶ સત્યના પ્રયોગો – ગાંધીજી
▶ મારીઆત્મકથા – મહાત્માગાંધીજી
▶ કન્યાનેપત્રો – ગાંધીજી
▶ અર્ધીસદીની વાંચનયાત્રા – મહેન્દ્ર મેઘાણી
સળગતાંસૂરજમુખી – મહેન્દ્રમેઘાણી
▶ વાંચનયાત્રાનોપ્રસાદ– મહેન્દ્ર મેઘાણી
▶ મળેલાજીવ – પન્નાલાલપટેલ
▶ માનવીનીભવાઈ – પન્નાલાલપટેલ
▶ ગુજરાતનોનાથ – કનૈયાલાલમુનશી
▶ પાટણનીપ્રભુતા – કનૈયાલાલમુનશી
▶ પૃથ્વીવલ્લભ – કનૈયાલાલમુનશી
▶ મુનશીનોવૈભવ – કનૈયાલાલમુનશી
▶ જયસોમનાથ – કનૈયાલાલમુનશી
▶ કૃષ્ણાવતાર – કનૈયાલાલમુનશી
▶ ફાઈવપોઈન્ટસમવન – ચેતનભગત
થ્રીમિસ્ટેક્સઓફમાયલાઈફ – ચેતન ભગત

▶ વનનાઇટએટકોલસેન્ટર – ચેતનભગત
▶ કૃષ્ણાયણ – કાઝલઓઝાવૈધ
▶ એકબીજાને ગમતા રહીએ – કાઝલ ઓઝાવૈધ
▶ મધ્યબિંદુ – કાઝલઓઝાવૈધ
▶ ડોક્ટરનીડાયરી – ડો. શરદઠાકર
▶ સિંહપુરુષ – શરદઠાકર
▶ સમયનાસથવારે – ડો. આઈ.કે. વીજળીવાળા
▶ અમૃતનોઓડકાર – ડો. આઈ.કે. વીજળીવાળા
▶ સાઈલન્સપ્લીઝ – ડો. આઈ.કે. વીજળીવાળા
મોતિચારો – ડો. આઇ. કે. વિજળીવાળા
સાથીદારનીશોધમાં — ડો. આઇ. કે. વિજળીવાળા
▶ ઝેરતોપીધાછેજાણીજાણી – મનુભાઈ પંચોળી
▶ સોકેટીસ – મનુભાઈપંચોળી
▶ કૃષ્ણનુંજીવનસંગીત – ગુણવંતશાહ

▶ સેક્યુલરમુરરબો — ગુણવંતશાહ
▶ કબિરા ખડા બાજારમે — ગુણવંતશાહ
▶ મનનામેઘધનુષ – ગુણવંતશાહ
▶ મરોત્યાંસુધીજીવો – ગુણવંતશાહ
▶ શ્વાસનીએકલતા – ચંદ્રકાંતબક્ષી
બક્ષીનામા – ચંદ્રકાંતબક્ષી
▶ પેરાલીસીસ – ચંદ્રકાંતબક્ષી
▶ ઇગો – ચંદ્રકાંતબક્ષી
▶ આકાર – ચંદ્રકાંતબક્ષી
▶ લીલીનસોમાંપાનખર – ચંદ્રકાંતબક્ષી
▶ બાકીરાત – ચંદ્રકાંતબક્ષી
▶ મહાજાતીગુજરાતી – ચંદ્રકાંતબક્ષી
▶ જસ્ટએકમિનીટ – રાજુઅંધારિયા
▶ સાતપગલાંઆકાશમાં – કુન્દનિકાકાપડિયા
પ્રેમસમીપે – કુન્દનિકાકાપડિયા
▶ વંશવિચ્છેદ – મહેશયાજ્ઞિક
▶ અઘોરનગરવાગે- મોહનલાલઅગ્રવાલ
▶ ટારઝન – રમણલાલસોની
▶ આંગતુક – ધીરુબેનપટેલ



MAHATMA GANDHI CHARITABLE TRUST SANCHALIT

Smt. J.J. KUNDALIYA GRADUATE TEACHERS' COLLEGE RAJKOT, 2018-20




**MAHATMA GANDHI CHARITABLE TRUST SANCHALIT**

**SMT. J.J. KUNDALIYA GRADUATE TEACHERS' COLLEGE RAJKOT, YEAR ; 2017 - 2019**